निबंध

કિંમત ૧

निबंधरीति.

એટલે,

નિબંધ લખતાં શીખનારોને વ્યવહારોપયોગી સૂચના.

श्री

नवलराम लक्ष्मीराम,

राजकोट ट्रेनिंग कोलेजना माजि प्रिन्सिपाल साहेबे,

बनावेली ते तेमनी रजाथी

છપાવી પ્રસિદ્ધ કરનાર

हरिलाल वल्लभराम.

माजी मानेजर गुजरात शाळापत्र.

मु० सूरत.

(ખપાટીયા ચકલા)

ત્રીજી આવૃત્તિ.

સંવત ૧૯૪૫ સને ૧૮૮૯

म०—आना ६.———टपाल—आनो अर्धो.

अमदावाद.

મામાની હવેલીમાં યુનાઇટેડ પ્રિન્ટિંગ અને જનરલ
એજન્સી કંપની "લિમિટેડ" ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપી.

अनुक्रमणिका.

વિષય.	પૃષ્ટ.

વિષય.	પૃષ્ટ.

પૂર્વણી.

निबंध शीखववानी रीत.

નિબંધ લખવાની પદ્ધતિ દર્શાવનારી એકે ચોપડી આપ-ણી ભાષામાં ન હોવાથી આ સૂચનાઓ પ્રથમ ગૂજરાત-શાળાપત્રમાં લખવાની જરૂર પડી હતી, અને પરિણામ ઉપરથી જણાયછે કે તે છઠ્ઠું ધોરણ ભણનારાઓને ઘણીજ ઉપયોગી માલમ પડીછે.

હાલ તેને છૂટા આકારમાં છપાવવાનો પ્રસંગ આવવાથી તેમાં સહેજસાજ સુધારો વધારો પણ કર્યોછે કે, તેના ઉપ-યોગીપણામાં વધારો થાય. વિરામચિન્હનો વિષયતો પૂરવણી દાખલ છેવટે બિલકુલ નવોજ દાખલ કર્યો છે, કેમકે ટ્રેનિં-ગકૉલેજમાં આવતા છોકરાઓ પણ હાલ એ બાબતમાં કેવળ અણજાણજ મારા જોવામાં આવેછે.

આ સૂચનાઓ ચાર પ્રકરણમાં વહેંચી નાંખીછે. ૧ લા પ્રકરણમાં નિબંધ એટલે શું તથા તેની ત્રણ રૂપ કેવા પ્રકા-રના થાયછે તેની કાંઈ સાધારણ સમજુતી આપી છે. ૨ જા પ્રકરણમાં વિષયનાં પેટાં કેમ પાડવાં તે વિસ્તારથી સમજા-વ્યું છે, એમાં "આગગાડી" વિષે ચાર રીતે પેટાં પાડી બ-તાવ્યાં છે તે પ્રથમ અભ્યાસને વખતેજ છોકરાઓને શી-ખવવાની જરૂર નથી, પણ વર્ણનાદિક નિબંધોના પેટા સામાન્યપણે કેમ પડેછે તેતો ખસુસ ધ્યાન દઇને શીખવવું જોઇએ. ૩ જા પ્રકરણમાં શુદ્ધિ, રૂઢિ, વિગેરે ભાષાના ગુણો-ની કાંઇક સમજણ આપીછે તે ટુંકી પણ બહુજ ખપની છે. આ વિષયનું જ્ઞાન આજકાલ કેટલાક લખનારાઓમાં પણ જોઇએ તેવું માલમ પડતું નથી. ૪ થા પ્રકરણમાં દેશકાળ જોતાં કેટલાએક સર્વોપયોગી વિષયોનાં પેટાંજ તમામ પાડી આપ્યાં છે. એ નિબંધના ખોખાં સમાન છે, અને તે નિ-

શાળિયા શિવાય બીજા પણ નિબંધકારોને ઉપયોગી માલમ પડતાં હોય એમ દેખાય છે.

આ ચોપડીના છાપામાં બાળબોધ અને ગુજરાતી એવા બે તરેહના અક્ષર જાણી જોઇને રાખ્યા છે. બાળબોધ અક્ષરે જે નિયમો લખ્યા છે તેતો શબ્દેશબ્દ સમજી છોકરાઓએ યાદજ રાખવા જોઇએ, અને તેની સંપૂર્ણ સમજુતી ગૂજરાતી અક્ષરમાં આપેલી છે. એ સમજુતી છોકરાને પાઠ કરવાને માટે નહિ, પણ માત્ર સમજણ પાડવાને માટેજ છે. બાળબોધ અક્ષરનો નિયમ વંચાવી જો મહેતાજી એ સમજુતી બધી પોતે પોતાને મોઢેથીજ આપી જાય, તો એકાદ મહીનામાં એ બધા નિયમો તે શીખી શકે, અને વર્ષના બાકીના ભાગમાં જે વિષયોના પેઢાં પાડી આપેલાંછે તે વિષયો પર નિબંધ લખવાનોજ મહાવરો કરાવી શકાય. પછીથી બહારના વિષયો ઉપર પણ નિબંધ લખાવવા, અને તેનાં પેટાં કેમ પાડે છે તે વિશેષ લક્ષથી તપાસવું, શુદ્ધિ રૂઢિના દોષ તો નિરંતર સુધારતાજ રહેવું.

न. ल.

निबंध रीति.

प्रकरण १लुं.

१ कोई पग बाबतपर पोताना जे विचारो होय ते बीजाने बराबर लखी जणाववा, एने निबंध कहे छे.

આ વ્યાખ્યા ઉપરથીજ માલમ પડશે કે આ વિષય બહુજ મોટો અને બહુજ ઉપયોગીછે. એક ચીઠ્ઠી લખવી, કાગળ લખવો, અર્જી લખવી, ખત લખવાં, ચર્ચાપત્ર લખવું, વિષયો લખવા, ચોપડીઓ રચવી, કવિતા કરવી, વગેરે સંસારમાં નાનાથી મોટી જે જે લખવાની બાબતોછે, તે બધાનો નિબંધ શબ્દમાં સમાવેશ થઈ જાયછે. જેમ વાચા વિનાનું માણસ પશુ સરખુંજ છે, તેમ જેનામાં નિબંધ શક્તિ નથી તે પણ તેવોજ જાણવો, કેમકે પોતાના મનના વિચાર બીજાને જણાવવા એ સંસારમાં બહુજ ઉપયોગી છે, અને એજ કેળવણી લેવાની પણ એક મોટી મતલબ છે.

२ निबंधमां विचार अने भाषा ए बंने ऊपर समान ध्यान आपवानुं छे.

જો નિબંધ એટલે પોતાના વિચાર બીજાને જણાવવા એમ છે તો વિચાર અને તે જણાવવાની શક્તિ એ બંને વાતની સરખીજ જરૂર હોવી જોઇએ. વિચાર જણાવાની જે શક્તિ તેનું નામજ ભાષાજ્ઞાન, માટે વિચાર અને ભાષા એ બંનેની સરખી જરૂર નિબંધ લખનારને છે.

ગમે એવી ભાષા લખતાં આવડતી હોય, પણ જો પોતાના મનમાં લખવાના વિચારજ ન હોય, તો તે શું લખે! તેમજ વિચારો હોય પણ તે લખી જણાવતાં ન આવડે, તો તે પણ મૂગાના સ્વપ્ન જેવુંજ થાય.

ત્યારે વિચાર સારા શી રીતે પ્રાપ્ત થાય ?

३. विचारनो आधार ज्ञान, अनुभव, अने बुद्धिनी उपर रहेलो छे.

માણસે જે પ્રમાણે જોયું સાંભળ્યું હોય, તે પ્રમાણે તેના મનમાં વિચાર ઉત્પન્ન થાયછે. અજાણી વસ્તુ કોઈ આપણી આગળ આણીને મૂકે, તો આપણે તે વિષે શું કહી શકીએ? જેણે ઈંગ્લંડ વિષે કાંઇપણ વાંચ્યું કે સાંભળ્યું નથી, તેને કહીએ કે એ દેશનું વર્ણન લખી લાવો તો તે એક શબ્દ પણ શી રીતે લખી લાવવાનો હતો ? એનામાં ગમે એટલી બુદ્ધિ કે નિબંધ લખવાની કળા હશે, પણ જ્ઞાનને અનુભવ વિના તે કાંઈ પણ કામમાં નહિ આવે. તેમજ જ્ઞાન ને અનુભવ હશે, પણ જો બુદ્ધિ નહિ હોય, તો એના મનમાં વિચાર નહિજ આવે, અને મનમાં વિચાર નહિ આવે એટલે તે પ્રમાણે તે લખી પણ નહિજ શકે. તેમજ જેનામાં સ્વાભાવીક બુદ્ધિ ઘણી હશે તે વધારે સારો નિબંધ લખશે, તે છતાં થોડી ઘણી બુદ્ધિ તો બધા માણસમાં પરમેશ્વરે મૂકીજ છે, અને તેથી જ્ઞાન અને અનુભવ હોય તો નિબંધ લખવા જેટલા વિચારતો બધાના મનમાં આવી શકે એમ સમજવું.

જ્ઞાન મેળવવાનો રસ્તો એજ છેકે પુસ્તકો વાંચવાં, વિદ્વાનોનો સમાગમ કરવો, અને દરેક બાબત ઉપર વિચાર કરવાની ટેવ રાખવી. એ પ્રમાણે કેટલાક કાળ સુધી માણસ

દૃઢતાથી કર્યા કરેછે, ત્યારેજ તેના મનમાં વિચારોનો જોઇતો સંગ્રહ થાય છે, અને પછી તે ગમે તે વિષયઉપરસહેલથી નિબંધ લખી શકેછે. માટે, નિબંધ શીખનારે કેટલા વખત સુધી તો રાત દહાડો ખંતથી વાંચવાંચજ કર્યાં કરવું જોઇએ એ અભ્યાસના પ્રથમ ભાગમાં લખવા કરતાં પણ વાંચવાની વધારે જરૂર છે.

ઉપર કહ્યું તે ઉપરથી એ તો સ્પષ્ટજ છે કે નિબંધ લખવાની શકિત મેળવવાને સારૂં પ્રથમતો માણસે ઘણું જ્ઞાનને અનુભવ મેળવી રાખવો જોઇએ.

४. निबंध लखवा मांडवा पेहेलां प्रथम ते विषय संबंधी जेटलुं ज्ञान पोताने होय ते संभारी जवुं, खूटतुं होय तेटलुं पुस्तको वगेरेमांथी मेळवी लेवुं अने पछी लखवाजोग विचारोने संबंधपूर्वक गोठववा; —एटले ते विषयना संभाळथी पेटां पाडवां.

પાછલી કલમમાં કહ્યું, કે વિચાર મેળવી રહ્યા કેડેજ નિબંધ લખી શકાય, પણ મેહેતાજીને તો ઘણી વાર માલમ પડશે કે નિબંધના વર્ગમાં આવેલા છોકરાઓમાં વિચાર અને ભાષા બંનેની ખામી છે. પુસ્તકો વાંચી તેઓ પોતાનું મન ભરે ત્યાં સુધી કાંઈ મહેતાજીથી થોભી શકાય નહિ. એણે તો બીજે દહાડેથીજ નિબંધ લખવાનો મહાવરો કરાવવો જોઇએ. ત્યારે એણે કરવું શું ?

એનો ઉપાય એછે કે પાછલી ચોપડીમાં વાંચી ગયા હોય તે, તથા ઉપર કહ્યું તે પ્રમાણે તેમને જે અનુભવ થયો હોય તે, એ બે વાતનો વિચાર કરી સહેલા સહેલા વિષયો આપવા. તેવા વિષયોમાં પણ તેમનું જ્ઞાન ઘણીવાર અપૂર્ણ માલમ પડશે ખરૂં. એ અપૂર્ણતાના

ઉપાય દાખલજ આ નિયમમાં પુસ્તકો વાંચી પોતાની ખોટ પુરી પાડવાની શિખાઉને ભલામણ કરીછે. છોકરાઓને પૂરતો વખત મળે તેને માટે આગલે દહાડેથી નિબંધનો વિષય કહ્યો હોય તો વધારે સારૂં. વખતે વિષય કઠિણજ હોય, તો ફલાણા ફલાણા પુસ્તકોમાંથી તમને એ બાબત જ્ઞાન મળશે એમ સૂચના પણ બેલાશક આપવી. નિબંધને માટે જ્ઞાન મેળવવા સારૂં ચોપડીઓ વાંચવાની છૂટ છે એટલુંજ નહિ પણ ફરજ છે એમ નિશાળીઆઓને સમજાવવું જોઇએ. એટલી તપાસ રાખવી ખરી કે ચોરી કરી લાવે નહિ. વિચાર મળતાં આવે તેની ફિકર નહિ, પણ શબ્દ તથા ગોઠવણ તો બધીજ નિબંધ કરનારની જોઇએ. ધીમે ધીમે વિચાર કરતાં શીખે, તેમ તેમ વિચારની નવીનતાને વધારે માન આપતા જવું, અને એમ કરતાં કરતાં આખરે પરીક્ષાની વેળા તેઓ વિચાર અને ભાષા બંને પોતાના વાપરતા થશે. અલબત્ત પરીક્ષા વેળા તો પુસ્તકો જોઈ પોતાના જ્ઞાનની ખોટ પૂરી પાડવા નહિજ દે, કેમકે પરીક્ષા તો ભાષા અને વિચાર બંનેનીજ છે. તે છતાં પરીક્ષામાં પણ ભાષા ઉપર વિશેષજ વજન રાખવામાં આવે છે.

હવે, ધારો કે જ્ઞાન તો નિબંધ લખવા જોગું ગમે ત્યાંથી મેળવ્યું. પણ એ બસ નથી. એ જે લખવા ધાર્યું તેનાં પ્રથમ તો પેઠાં પાડતાં આવડવાની બહુજ જરૂર છે. સારો નિબંધ એ પેટાં પાડવા ઉપરજ આધાર રાખે છે. પોતામાં ગમે એટલું જ્ઞાન હશે. પણ જો વિષયનાં પેટાં પ્રથમથી બરાબર નહિ પાડ્યાં હોય, તો તે કદી પણ સારી રીતે નહિ લખાય. એક વાત કહેવામાં મુદ્દો ભૂલી બીજી વાત ઉપર ઉતરી પડશે, તે બીજી વાત પણ બ-

રાબર વિસ્તારથી નહિ કહેવાય, અને હજારો વાતો એવી સેળભેળ થઈ જશે કે તેનું ધડ કયું ને માથુ કયું તેજ કોઇથી નહિ સમજાય. ખરેખરી જે કહેવાની વાત હશે તેતો આવા ગભરાટમાં રહીજ જશે, અને નહિ કહેવાની વાતનુંજ ટાહેલું વધી પડશે. વખતે લખનારના મનનો શો ભાવ છે તે કોઈ સમજીજ નહિ શકશે. વખતે એ કોઈ બાબતને વખાણતો હશે પણ લખાણની ઢપ ઉપરથી વાંચનારને એમ લાગશે કે એ નિંદે છે અને નિંદા કરતો હશે ત્યારે સ્તુતિ જેવી વાંચનારના મન ઉપર અસર થશે. વખતે પોતામાં છતાં જ્ઞાને એ અજ્ઞાન જેવો દેખાશે. એ રીતે પેટાં ન પાડવાથી નિબંધ લખનારને હજારો જાતનાં નુકશાન થવાનો સંભવ રહેછે.

કથિત પાઠની જેવી સંક્ષીપ્ત નોંધ થાયછે તેવીજ નિબંધના વિષયની પણ પ્રથમ લખવી. કથિત પાઠ આપનારને વિષયના ભાગ પાડવાની જેટલી જરૂર છે તેટલીજ નિબંધ લખનારને છે. એ વાતમાં જેટલી કચાશ રહી તેટલી છેવટ સુધી નડ્યા વિના રહેતી નથી, અને બીજી ગમે એટલી હોશિયારી હોય, પણ તે આ ખામીને લીધે જોઇએ તેવું ફળ ઉત્પન્ન કરી શકતી નથી.

પેટાં શી રીતે પાડવાં એને માટે એક નિયમ આપી શકાતો નથી, તોપણ તેનો ઘણો આધાર નિબંધ કયે રૂપે લખવાનો છે તે ઉપર રહેલો છે.

૯. निबंधनां मुख्यत्वे करीने त्रण रूप थायछे :— वर्णनरूप, कथनरूप, अने विवेचनरूप.

૬. कोई वस्तुनी स्थिति जणाववाने अर्थे जे लखवुं तेने वर्णनरूपनिबंध कहेछे.

હાથી કેવા દેખાવનું અને ગુણનું પ્રાણી છે, વાહાણ કેવી કેવી તરેહનાં થાયછે, બાગમાં કેવી કેવી રચના કરી છે અને શું શું ઉગ્યું છે, નિશાળ સવારથી સાંજ સુધી કેવી રીતે ચાલેછે અને તેના શા શા ધારા છે, વગેરે બાબતો ઉપર લખીએ ત્યારે તે વર્ણનરૂપ નિબંધ કહેવાય.

७. कोई बनाव केवे प्रकारे बन्यो ते जणाववाने अर्थे जे लखवुं तेने कथनरूप निबंध कहीए.

કોઈ પદાર્થ હાલ કેવી સ્થિતિમાં છે તે વર્ણનથી જણાયછે. પહેલાં કેવો હતો અને શી રીતે હાલ તે આવી સ્થિતિમાં આવ્યો, એ બાબત જે કાંઈ કહેવું તેનું નામ કથન. ઉપર જે વિષયો વર્ણન રૂપમાં ગણાવ્યા તે બધા કથન રૂપે પણ લખી શકાય. ખરા એ કદી ભૂલવું નાહ. અમુક નિશાળ કે બાગ કયારે બંધાયો, તે પહેલાં તેની કેવી સ્થિતિ હતી, કોના મનમાં તે બંધાવવાનો પ્રથમ વિચાર ઉઠયો અને તે શા કારણથી તે વિચારને પાર પાડવાને તેણે શા શા ઉપાયો કામે લગાડ્યા, તેને કઈ કઈ જાતની હરકતો નડી, કોણે તેને સહાયતા કરી, કયારે તેનો પાયો નાંખવાનો વખત આવી પહોચ્યો, પાયો નંખાયો ત્યારે તેની કેવી સ્થિતિ હતી, તે સ્થિતિમાંથી આગળ શી રીતે સુધારો થતો ગયો, અને હાલ તે કેવી સ્થિતિમાં છે, વગેરે ઘણી ઘણી બાબતો લખી શકાય, અને ઉપર જે વર્ણનરૂપ નિબંધ લખ્યો હતો તેથી છેક જૂદોજ નિબંધ તે થઈ રહે. એજ પ્રમાણે બીજા વિષયોનું પણ સમજવું.

८. सारासारनो निर्णय करवाना हेतुथी जे लखवुं तेने विवेचनरूप निबंध कहेछे.

કોઇ પદાર્થ હાલ કેવી સ્થિતિમાં છે અથવા તે એવી

સ્થિતિમાં આવ્યા પ્હેલાં કેવી કેવી સ્થિતિમાં હતો એ જણાવવાની મરજી ન હોય, પણ એ પદાર્થથી શા શા ફાયદા કે ગેરફાયદા થાયછે તે સમજાવવું હોય, ત્યારે વિવેચન કરવું પડે. વિવેચનરૂપ નિબંધમાં 'કાર્યકારણનોજ વિચાર વિશેષે કરીને હોય છે.

ઉપલુંજ બાગ કે નિશાળનું ઉદાહરણ લઈએ. એ બાગ કે નિશાળથી ગામને શા શા ફાયદા થાયછે એ વિષેજ લખવું હોય તો તે વિવેચનરૂપ નિબંધ થાય. એ પ્રસંગે ભાગ્યેજ કાંઈ પણ તેનું વર્ણન કરવાની જરૂર પડે. અકબર કે ઓરંગજેબની રાજનીતિ વિષે અભિપ્રાય માગ્યો હોય, ત્યારે કથનરૂપે નહિ પણ વિવેચનરૂપેજ નિબંધ લખવાનો છે એમ સમજવું.

આ ઉપરથી યાદ રાખવું કે નિબંધનું રૂપ વિષય ઉપર આધાર રાખેછે તે કરતાં આપણે શા હેતુથી લખીએ છીએ તે ઉપરજ વધારે આધાર રાખેછે. વિષયને ઓળખાવવો હોય તો વર્ણન રૂપે; તેની પાછલી હકીકત જણાવવી હોય તો કથન રૂપે; અને તે વિષે કાંઈ નિર્ણય કરી સમજાવવો હોય, તો વિવેચનરૂપે નિબંધ લખવો જોઈએ. તોપણ કેટલાક વિષયો અમુક રૂપનેજ વધારે લાયક હોયછે ખરા. સત્ય, ચોરી, મિતાહાર વગેરે નીતિના વિષયો ઉપર લખવાનું કહ્યું હોય, તો વિવેચનરૂપેજ માગ્યું છે, એમ સમજાય. ઇતિહાસને જીવનચરિત્ર એ બહુધા કથન રૂપનાજ નિબંધો છે. ગામફરમ વિષે લખવું હોય, ત્યારે ઘણું કરીને વર્ણનજ કરવું જોઈએ. તોપણ સઘળા વિષયો અન્યરૂપમાં પણ લખી શકાય ખરા.

૯. ज्यारे ते स्थिति के बनाव साक्षात्कार थई रहे, त्यारेज ते वर्णन के कथन सफळ थयुं एम जाणवुं.

વર્ણન કરવાનો હેતુજ એ છે કે સામાને તે પદાર્થ સાક્ષાત્કાર થાય, એટલે, તેની નજર આગળ તે ખરેખરો આવીને ઉભો હોય એમ તેને લાગે વર્ણન એ એક જાતની ચિત્રકળાજ છે. ચિતારો કાગળને રંગથી ચિતરેછે. અને કવિ (જેનામાં કે વર્ણન શક્તિ સંપૂર્ણતાને પામેલી હોયછે તે) શબ્દવડે ચીતરે છે. પણ એ બંનેની કળાનું ફળ એકજછેઃ—તે વસ્તુ હોય તેવી બીજાને સાક્ષાત્ દેખાય છે.

જો સાક્ષાત્કાર કરવું એજ વર્ણનનો હેતુ છે તો તે પદાર્થ પ્રથમ લખનારને તો સાક્ષાત્કાર થવોજ જોઇએ એમ કરી શકવું તેનેજ કલ્પના કહેછે કલ્પના શક્તિવાળો માણસ આંખ મીચીને જોય છે, તો તેની આગળ જે ધારે તે પદાર્થ આવીને ઉભો રહેછે, અને મંદકલ્પનાવાળાને અંધારા સિવાય બીજું કાંઈજ દેખાતું નથી, ચિતારા, કવિઓ, મૂર્તિકારો વગેરે પોતાનું કામ સારૂ કરેછે તેનું કારણ એજ કે તેઓમાં કલ્પનાશક્તિ ઘણી હોય છે. પરંતુ થોડી ઘણી કલ્પના તો બધામાં હોયછે, અને તેથી ખંત રાખે નિબંધમાં જોઈએ તેટલું સાધારણ વર્ણન તો બધા કરી શકેજ.

નિબંધ લખનારે પ્રથમ કલ્પના ચલાવી જે વસ્તુનું વર્ણન કરવું હોય તેને પોતાની નજર આગળ આણવી, અને પછી તેને જોઈ જોઈ ઘટતું વર્ણન કરવું, ચિતારાની પેઠે તેને વસ્તુના સઘળાજ ભાગ ચીતરવાની કાંઈ જરૂર નથી. ચિતારાના સાકાર સાધનો કરતાં શબ્દમાં એવું વિશેષ બળ રહેલું છે, કે રજેરજ ચીતરવાની જરૂર પડતી નથી. થોડું કહે ઘણી વિગત સાંભળનાર પોતાની મેળે કળી જાયછે. કયા ભાગનું વર્ણન કરવું અને કયા ભાગનું ન કરવું એ જાણવામાંજ વર્ણનકારની ચતુરાઈ રહેલીછે.

તેમજ એક ભાગનું બહુ ઝીણું વર્ણન કરવા જતાં વખતે સામાને તે પદાર્થ સાક્ષાત્કાર થવાને બદલે ઉલટો અંધકાર રૂપજ થઈ પડશે, અથવા અવસ્યના ભાગ રહી ગયા હશે, તો તે માત્ર ધાબા જેવુંજ દેખાશે. માટે, વર્ણન કરનારે ચિતારાની પેઠે માત્ર અવસ્યના ભાગની આકાર રેખાજ ઊપર ઉપરથી પાડવી, અને તેમાં રંગ પૂરવાનું તો વિષય શૈલી, ને સમયાનુસારજ રાખવું.

સાક્ષાત્કાર કથનની જુક્તિ પણ એવીજછે. વાંચનાર કે સાંભળનાર એમ જાણે કે આ બનાવ મારી આગળજ હમણાં બને છે એવી રીતે કથન કરવું જોઇએ. એક બનાવ ઘણા બનાવનો બનેલો હોય છે. તેમાં જે જે બનાવોનો મુખ્ય બનાવ સાથે સંબંધ હોય તેજ બનાવો વર્ણવા અને બીજા મૂકી દેવા—નહિ તો લાંબો રાસડો એવો થઇ જશે કે કોઈને તેમાં રસ નહિ લાગે, અને કાંઇ પણ હકીકત નહિ સમજાય. વર્ણન કે કથન એ બંનેમાં શું કહેવું અને શું મૂકી દેવું એ જાણવું એજ મોટી કળા છે. તે શાખવી શીખવાતી નથી, પણ નીચેના નિયમ પ્રમાણે કરવાથી સાધારણપણે કામ ચાલી શકશે.

૧૦. दिशानो अनुक्रम राखी चालतां वर्णन, अने काळनो अनुक्रम राखतां कथन, घणु करीने सारु थशे.

૧૧. बीजाना मननी प्रतीति थाय अने वखते तेनी वृति पण ते भणी वळे, त्यारेज विवेचनरूप निबंघनी सिद्धि थई एम समजवुं.

બીજાની ખાત્રી કરી આપવી એજ વિવેચન કરવાનો હેતુછે. તે કરવાને માટે પ્રત્યક્ષ અનુમાનાદિક પ્રમાણો અ-

વસ્યનાં છે. ભલેના લખવાની ગમે એટલી ચતુરાઈ હોય, પણ અપ્રમાણ વાત કદી પણ સમજુ માણસોમાં માન્ય થાય નહિ. માટે પ્રથમ તો ખરૂં શું છે ને ખોટું શું છે તે નિર્ણય નિબંધકારે અપક્ષપાતે પોતાના મન સાથે કરવો જોઇએ, બધાં પ્રમાણો ખોળી જોવાં અને બંને બાજુ તપાસવી. ત્યાર પછી જે નિશ્ચય થાય તેજ પ્રતિપાદન કરવા તૈયાર થવું; અને જે પ્રમાણોવડે પોતાની ખાત્રી થઇછે તે લખવાં અને પૂર્વપક્ષનું વિવેકથી ખંડન કરવું. પ્રમાણો સ્પષ્ટ સમજાવવાને દૃષ્ટાંત, ઉદાહરણ, વર્ણન વગેરેની જરૂર પડે ત્યાં છૂટથી વાપરવા. કહેવતજ છે કે દાખલા દલીલથી બીજાની ખાત્રી થાય. દલીલ કરતાં દાખલાને એમાં પેહેલા ગણ્યા છે તે વ્યવહારી નિબંધમાં બરાબરજ છે.

દલીલો કઈ કઈ વાપરવી, કઈ કઈ મૂકી દેવી, વાપરવી તો કયા અનુક્રમે વાપરવી, કેટલે દરજ્જે વાપરવી, કેવી ઢપથી વાપરવી, વગેરે સઘળી વાતનો આધાર જેને વાસ્તે આપણે નિબંધ રચતા હોઇએ તેના મન બુદ્ધિ ઉપર બહુ આધાર રાખેછે. એમાં ઘણા ચાતુર્યનો ખપ પડે છે. મોટો ન્યાયશાસ્ત્રી પણ જો પોતામાં આવી રસવિજ્ઞતા ન હોય તો બીજાના મનની ખાત્રી કરી શકે નહિ. અર્થાત:-અસરકારક વિવેચન કરનારને ન્યાય (Logic) અને રસચાતુર્ય (Rhetoric) બંને જરૂરનાં છે, અને બલ્કે સામાન્ય લોકના સંબંધમાં તો ન્યાય કરતાં રસચાતુર્યજ ઘણીવાર ફાવી જતું માલમ પડે છે.

જો ખાત્રી કરવામાં પણ રસચાતુર્યનું આટલું બળછે, તો જ્યાં મનોવૃત્તિઓ વશ કરવાનોજ હેતુ છે ત્યાં તો એનો ઘણોજ ખપ પડે એમાં શુ આશ્ચર્ય? નિબંધનો છેવટ ભાગ તો રસમયજ આવવો જોઇએ. જો સાંભળનાર વિરૂદ્ધ

વિચારનો હોય, તો પહેલાંથી આખો નિર્ણય કે અભિપ્રાય આપણે આપી તેને ભડકાવવો નહિ; પણ ધીમે ધીમે રૂ-ચતાં પ્રમાણો આપી આગળ ચઢાવવો, અને જ્યારે તેનું મન ખાત્રી ઉપર આવવા લાગે ત્યારે સબળ પ્રમાણો આપી તે પૂરી કરવી; અને પછી રસમયવાણીથી તેનું મન તલ્લિન કરી નાંખવું.

પણ બધા વિવેચનમાં મનોવૃત્તિ ખેંચવાનો હેતુ હોતો નથી. જ્યાં માત્ર ખાત્રીજ કરી આપવા ધારીછે, ત્યાં શાંત રીતે દાખલા દલીલો સારા અનુક્રમમાં આપવા એજ ઉત્તમ માર્ગછે.

૧૨. વ્યવહારમાં ત્રણે રૂપ હરકોઈ નિબંધમાં વિવેકથી મેળી નાંખવાં, પણ તેના વિશેષ રૂપનું પ્રધાનપણુ જવા દેવું નહિ.

એકજ રૂપનો કોઈ પણ નિબંધ શોધી કાઢવો મુશ્કેલ માલમ પડશે. અતિશાસ્ત્રીય ગ્રંથમાંજ એકનું એક રૂપ જાળવી રાખેલું હોય છે, પણ ઘણે પ્રસંગે તો તેમ થઈ શકતું નથી, અને તેમ કરવાની જરૂર પણ નથી. વિવેચનરૂપ નિબંધ હોય તોપણ ઠેકાણે ઠેકાણે વર્ણન અને વખતે ઈતિહાસ પણ આપીએ, તોજ તે વિવેચન સારી રીતે સમજાય. વિદ્યાના પાઠમાં પદાર્થ કે યંત્રોનું વર્ણન ન કરીએ તો તે શી રીતે સમજાય? કોણે અને ક્યારે એ શોધ કર્યો એ પણ કહેવું ફાયદા ભરેલુંજછે. અર્થાત્:—વિવેચનરૂપ નિબંધમાં વર્ણન ને કથન રૂપ પોતાની મેળેજ પેસી ગયાં. તેમજ તમે કોઇ પણ ઇતિહાસ કે જીવનચરિત્રનો ગ્રંથ ઉઘાડી જોશો, તો તે બધો કથન રૂપમાં નહિ હોય, પણ તેમાં કેટલુંક વર્ણન ને વિવેચન કરેલું પણ માલમજ પડશે. ગામનાં, કિલ્લાઓનાં, લશ્કરોનાં લડાઇઓનાં, રીતભાતનાં

વગેરે જે વર્ણનો આપેલાં હોય છે તે વર્ણન રૂપજ નિબંધ જાણવા. આ લડાઈ કે કાયદાથી શા ફાયદા થયા એ વિષે જે કાંઈ લખેલું હોય છે તે વિવેચન રૂપ નિબંધજછે. એ-વીજ રીતે વર્ણનરૂપ નિબંધમાં કાંઇક ઇતિહાસ કે વિવેચન ભાગ પણ આવીજ જાયછે:—જેમકે એક નિશાળનું વર્ણન કરતાં તેનો કાંઇક પાછલો ઇતિહાસ અને તેથી શા ફાયદા છે તે પણ લખી શકાય, અને તે લખ્યાથીજ તે નિબંધ વધારે રસિક થાય, નિબંધનો રસ ઘણું કરીને એક રૂપના નિબંધમાં બીજાં રૂપ સેળભેળ કરવાની ચતુરાઈ ઉપરજ આધારજ રાખેછે.

વિષય કઈ જાતનો છે તેનો, અથવા નિબંધ લખાવનારે શું માગ્યુછે તેનો વિચાર કરી તે કયા રૂપમાં લખવો જોઇએ તેનો પ્રથમ નિશ્ચય કરવો, અને નિબંધનો ઘણો ભાગ તે રૂપમાંજ લખવો. બીજાં રૂપ પ્રસંગ જોઈ દાખ-લ કરવાં, પણ મૂળ રૂપનું પ્રધાનપણું કદી પણ જવા દેવું નહિ:—જેમકે વિવેચન રૂપનો નિબંધ હોય, તો તેમાં ઘણો ભાગ વિવેચનનોજ આવવો જોઇએ, પ્રસંગ જોઈ એમાં વર્ણન બેલાશક કરવું. અને દૃષ્ટાંત દાખલાની જગોએ ક-થન પણ મજેથી કરી શકાય, પરંતુ તેથી કારણ સમજાવ-વાની વાત અધુરીજ રહી જાય. અથવા બીજામાં એવી દબાઈ જાય કે વિવેચન રૂપનો નિબધજ છે કે નહિ, તે કોઈ જાણે નહિ એમ કદી થવું જોઇએ નહિ. તેમજ વર્ણન કે કથન કરવાનું હોય ત્યાં ડગલે ડગલે વિવેચન કરવા બેસી-એ તો દોડડાહ્યું જ દેખાય અને નિબંધ બગડે. એક રૂપમાં બીજાં રૂપ કેટલાં નાંખવાં એ મહા ચતુરાઇનું કામછે. નિ-બંધકારમાં શુદ્ધ રસિકતા જેટલી હશે તે પ્રમાણેજ એ કરતાં આવડવાનું. સુદ્ધ રસિકતાવાળા ગ્રંથકારોના ગ્રંથનો લક્ષ-પૂર્વક અભ્યાસ કરવાથી એ ચતુરાઈ વધેછે.

પ્રકરણ ૨ જું.

પેટાં પાડવાની રીત.

૧ વર્ણનરૂપ નિબંધનાં પેટાં ઘણું કરીને નીચે પ્રમાણે પાડવામાં આવે છેઃ—

અ. જો કોઇ સ્થળનું વર્ણન માગ્યું હોય, તો

૧. સ્થળનું નામ.

૨. તે ક્યાંછે? એટલે, કયા પ્રાંતમાં: કયા પરગણા માં? કઈ નદી ઉપર (નદીઉપર હોય તો)? ઢાળ ઉપર, પર્વત ઉપર કે મેદાનમાં? વગેરે.

૩. ભૂતળલક્ષણો--એટલે, ત્યાંની આબોહવા(હવાપાણી); આસપાસના પ્રદેશની જમીન કેવી જાતની છે તથા શી શી પેદાસ થાયછે; ગામની આસપાસ ઝાડીઓ છે કે નહિ, છે તો કયા ઝાડની, કેવી, કેટલી! વગેરે.

૪. ગામનો આકાર તથા વિસ્તાર, મોટા મોટા રાજમાર્ગનો દેખાવ તથા લંબાઈ તથા પહોળાઈ, વસ્તી કેટલી અને કયા કયા લોકની છે, વગેરે.

૫. વિશેષ હકીકત—અ. દરબાર, દેહરાં, ગઢ, નિશાળ, દવાખાનાં, પૂલ, મહેલ, મોટાં મોટાં મકાનો વગેરે જે કાંઈ ગામમાં હોય તે સંબધી.—ब. નાત જાત, ધર્મ, ધંધો રોજગાર, વગેરે લોકો સંબંધી.

૬. તે સ્થળે અથવા તેની પાડોશમાં કાંઈ જાણવા લાયક ઐતિહાસિક બનાવો બન્યા હોય તો તેની ટુંકી હકીકત.

ब. જો કોઈ જાનવરનું વર્ણન માગ્યું હોય તો.

१. તેનો દેખાવ, કદ, બળ, વેગ, શરીરની રચના વગેરે.
२. તે સાધારણ કે નવાઇનું છે? કયા કયા દેશોમાં થાયછે?
३. તેનો સ્વભાવ અને રીતભાત? હળે એવું કે જં- ગલી? શી રીતે પકડાય છે અને પળાયછે? અક્કલ, માયાળુપણું વગેરે ગુણો અને તેનાં થોડાંક દૃષ્ટાંતો.
४. માણસને શા ઉપયોગમાં આવેછે? અસલના લોક તેને કેવું ગણતાં અને શા ઉપયોગમાં આણતાં?

क. જો કોઈ ઝાડ વિષે લખવું હોય, તો.

१. તેનો દેખાવ, કદ, તથા રચના.
२. કયા દેશમાં, કઈ ઋતુમાં, અને કેવી રીતે થાયછે?
३. તેને વાવી મોટું કરવાની રીત.
४. તેનો ઉપયોગ.
५. તે ઝાડની જુદી જુદી નીપજ તથા તેનો વેપાર?

એજ પ્રમાણે જેવો વિષય હોય તે પ્રમાણે પેટાં પાડી શકાય.

તમે જોશો કે ઉપલા ત્રણ વિષયનાંજ પેટાં સરખાં નથી, અને તેથી જુદી રીતે પણ પાડી શકાય. તો પણ देखाव, कद, रचना, कांइक पाछलो इतिहास, अने उपयोग એટલાંવાંના તો બધા વિષયોમાં અવશ્યનાં છે.

વાંચનમાળામાં શહેર, જનાવરો, ઝાડ, વગેરે બાબતોના પાઠ છે તે વિચાર પૂર્વક વાંચી જોવાથી માલમ પડશે કે એ બધાં વર્ણન રૂપજ નિબંધ છે, અને તેનાં પેટાં ઉપર બતાવેલી રીતેજ ઘણુંકરીને પાડેલાં છે.

કુદરતી ચીજો, કુદરતી દેખાવ, હુનરી ચીજો, હુનરનાં કારખાનાં, તથા માણસની રીતભાત, એ સઘળાં બહુધા વર્ણનરૂપ નિબંધનાજ વિષયો છે.

२. कथन रूप निबंधमां घणुंकरी काळनो अनुक्रम

राखवी नीचे प्रमाणे पेटां पाडवां.

अ. કોઈ બનાવની હકીકત માગી હોય, તો

૧. એ બનાવનું કારણ—એટલે, તે પહેલાં કેવી સ્થિતિ અને શા બનાવો બન્યા હતા કે તેના પરીણામમાં આ બનાવ બન્યો.

૨. એ બનાવની વીગતવાર હકીકત,

૩. એ બનાવના પરિણામો.

૪. એ બનાવ સંબંધી વિચાર, એમાંથી શો સાર લેવો તે, વગેરે.

ब. કોઈ હુનરી કારખાનાનો ઇતિહાસ માગ્યો હોય, તો

૧. કોણે, ક્યારે. અને ક્યાં એ હુનરની શોધ કરી.

૨. એ હુનરથી થતા ફાયદા (ટુંકામાં) અને તે નહોતો માલમ પડ્યો ત્યારે માણસો કેમ કરતા હતા અને શી શી હરકતો વેઠતા હતા.

૩. મૂળ શોધકે તે હુનર કાઢયો ત્યારથી તેમાં શો શો સુધારો થતો આવ્યોછે, કોણે કર્યો, શા વાસ્તે કરવાની જરૂર પડી વગેરે.

૪. હાલની સ્થિતિ—શી શી ખામીઓ છે અને તે સુધારવાના ઉપાય.

૫. એ હુનરની શોધથી શા શા પરિણામ નીપજ્યા તે તથા તે વિષે સામાન્ય વિચારો.

३. विवेचनरूप निबंधनां पेटां पाडवानी सामान्य रीति आ प्रमाणेछे.

अ. વિષયના નામની વ્યાખ્યા; શબ્દ વ્યુત્પત્તિ (જો વિષયનો અર્થ સમજવામાં મદદ કરતી હોય તોજ), એનો અર્થ સમજવામાં ભૂલો ચાલતી હોય તો તેનું સ્પીષ્ટકરણ

ख. તેના ફાયદા અથવા તેના ખરાપણાનાં પ્રમાણો.

क. પૂર્વપક્ષ, એટલે, તેના ગેરફાયદા અથવા ખોટાપણું બતાવનારી સામી તકરારો.

ड. પૂર્વપક્ષનું સમાધાન, એટલે, તકરારોના જવાબ. (જો નિબંધ ટુંકોજ લખવો હોય તો સામેની તકરારો થોડીક લઈને તેનો ત્યાંજ જવાબ આપતા જવું. એમ કરીએ ત્યારે ત્રીજુ ને ચોથું પેટું એકજ થઈ જાય. વખતે વિષય બહુ મોટો હોય અને લખવાની જગા થોડી હોય, તો પૂર્વપક્ષ બધોજ મૂકી દઈએ, તોપણ ચાલે.)

ई. આખા નિબંધનો ઉપસંહાર, સાર, અને છેવટે દેશકાળને જોઈ ઘટતી સૂચનાઓ.

***વિવેચનરૂપ નિબંધમાં તોલન શક્તિનો ઘણો ખપ પડે છે. તેથી તે લખનારને અઘરો, ને સાધારણ વાંચનારને વિરસ લાગેછે. એનો ઉપાય એજ છે કે ઠેકાણે ઠેકાણે રસ ભર્યા વર્ણનો અને દૃષ્ટાંતો લખતાજ રહેવું, તથા વિવેચનમાં ભાષા ઘણીજ સરલ વાપરવી.**

૪. ઘણાખરા વિષયો ત્રણે રૂપમાં લખી શકાયછે અને તેથી લખનારે પોતાની વિશેષ શક્તિનો વિચાર કરી અમુક રૂપનુંજ પ્રધાનપણું રાખવું.

કોઈ માણસમાં કલ્પનાશક્તિ વધારે હોયછે, તો કોઈ માણસમાં વિચારશક્તિ વધારે હોયછે. એક માણસ રસ ભર્યું વર્ણન કરી શકેછે, તો બીજા માણસને વાત કહેતાં બહુ સરસ આવડેછે. ત્રીજો માણસ કારણો બતાવવામાં અને તેના રદીઆ આપવામાંજ બહુ ખબરદાર હોય છે. આ સઘળી શક્તિઓનો નિબંધમાં ખપ પડે છે, અને તે સઘળી કેળવવી જોઇએ; તોપણ માણસ માણસમાં

સ્વાભાવિક શકિત પ્રમાણે કેટલોક ફેર રહેવાનોજ. પોતાનું બળ કયી રીતના નિબંધમાં રહેલું છે તે જાણવું બહુ અગત્યનું છે, કેમકે તે પ્રમાણે જાણ્યાથી નિબંધમાં કયા રૂપનું પ્રાધાન્ય રાખવું તેની તેને સમજ પડશે. અમુક રૂપનોજ નિબંધ માગ્યો હોય. ત્યાં આ પ્રમાણે બીજા રૂપનું તો પ્રાધાન્ય નહિજ રાખી શકાય, તોપણ પોતાની શક્તિ જાણવાથી ફાયદોજ છે, કેમકે તેમાં પણ પોતાને અનુકુળ રૂપનાં પ્રસંગ આવવાનાજ, અને તે જો પોતાને અનુકુળ છે એમ જાણતો હોય, તો તેવે તેવે ઠેકાણે તે તજવીજથી એવો કાંઈ વિસ્તાર કર્યો જાય કે તેની અસર આખા નિબંધ ઉપર થાય, અને તે સારો ગણાય.

એકજ વિષય ગમે તે રૂપમાં લખી શકાય છે એ વાત બરાબર સમજાવવાને માટે નીચે અને આગગાડીનો વિષય લઈ તે વિષે વર્ણન, કથન, ને વિવેચનરૂપે કેવું જુદું જુદું લખી શકાય તે બતાવ્યું છે. વિસ્તાર ન કરતાં પેટાનાં નામજ માત્ર લખ્યાંછે, તોપણ એકેકો નિબંધ કેવડો મોટો થઈ શકે તે એ ઉપરથી સાફ માલમ પડશે. જો નિબંધકારમાં જોઈતું જ્ઞાન ને બુદ્ધિ હોય, તો એકેકા નિબંધની ચોપડીજ થાય, અને એ રીતે આગગાડી વિષે ત્રણ ચોપડી થાય તેમાં એકે હકીકત સામાન્ય માલમ પડે નહિ.

(आगगाडी विषे वर्णनरुप निबंध.)

કોઈ એક મોટા સ્ટેશનનો દેખાવ—લોકો તથા ગાડીઘોડાની ભીડ, ટીકેટ કરાવવાની તથા માલ ચડાવવાની દોડા દોડ, પોલીસનો બંદોબસ્ત, મેવા મીઠાઈવાળાની દુકાનો વગેરે—સ્ટેશનમાં જવું, સ્ટેશનની બાંધણી તથા રચના-

આગગાડીનું આવવું, તેનો દેખાવ ઉતારૂઓનું બેસવું, વગેરે.

૨. ગાડીનું વર્ણન—તેમાં માણુસ કેટલાં ને કેવી રીતે બેશી શકેછે, કેટલી ગાડી તથા ગાડાં સાંકળેલાં હોયછે, તેનો ભાર, વરાળયંત્રનું જોર, વગેરે.

૩. એન્જિનનું વર્ણન ધુમાડાનું ભૂંગળું, પાણીની કોઠી, વરાળ શી રીતે થાયછે અને તેનું માપ શી રીતે રખાયછે, વરાળયંત્રની ગોઠવણ, તેનું જોર ગાડીઓના પૈડાને શી રીતે લાગુ પડેછે, ગાડી ચાલતી વખતના આચકા, અકસ્માતની દહેશત વગેરે.

૪.લોઢાની સડક—તેની પોહોળાઈ, સલ્લીપાટ, લોઢાના પાટા, એક પાટા ઉપરથી બીજા પાટા ઉપર ગાડી લઈ જવાની જુક્તિ, વગેરે.

૫. આગગાડીની સલામતીને સારૂ કરેલી ગોઠવણ—સ્ટેશન ઉપરના હાથા, ફાનસો, ધજાઓ, વીજળીનો તાર વગેરે.

૬. મુસાફરીની મઝા તથા અડચણો—રળીઆમણો દેખાવ, પવનની લહેરો, ગાડીની ખડખડાટ, જાતજાતના લોકોનો મેળાવડો, જુદા જુદા સ્ટેશનોની શોભા, ખાવાપીવા, પાણી પિશાબ વગેરેની ગોઠવણ, જુદા જુદા વર્ગની ગાડીમાં કેવી કેવી સગવડતા છે તે અને તેનો દર. ગાડીનો વેગ—સારે રસ્તે. નઠારે રસ્તે, પૂલપર. વિલાતમાં કેટલા વેગથી ચાલે છે. આગગાડીના ફાયદા (બહુજ ટુંકામાં)

૭. છેવટ—માણસનો આનંદ તથા આશ્ચર્ય, ઇંગ્રેજ લોકની ચતુરાઈ ને વિદ્યાની ખૂબી, દેશીને બોધ, માણુસ વિવેકબુદ્ધિનો ઉપયોગ કરે તો શું નહિ કરી શકે ?

☞ આ વર્ણન મુસાફરીના આકારમાં કર્યું હોય, એટલે જાણે નિબંધકાર આગગાડીની મુસાફરીએ ગયો હોય

અને જે જે જોયું હોય તે વર્ણવતો હોય એવી ઢબથી નિબંધ લખે તો તે બહુજ રસિક થાય. તોપણ એકજવાર ગએલા સાધારણ મુસાફરથી એવો નિબંધ લખી શકાશે નહિ. એમાં જે હકીકતો, માપ, આંકડા વગેરેની જરૂરછે તેનું જ્ઞાન તો જાતે ઘણી તપાસ અને પૂછપાછ કરીનેજ મેળવવું જોઇએ.

(आगगाडी विषे कथनरूप निबंध.)

૧. આગગાડી નીકળી તે પહેલાં ખુસ્કીકે તરીને માર્ગે જવાનાં વાહનો કેવાં હતાં ? આગબોટો કયારની ચાલતી થઈ હતી ? વગેરે.

૨. આગગાડી બનાવવાનો વિચાર પહેલવહેલો કોને સૂઝયો ? તે કોણ હતો ? તે કેટલા વરસ સુધી મથ્યો અને છેવટે કેવી રીતનો શોધ કર્યો ? એ શોધ અમલમાં આણતાં કેવી કેવી હરકતો નડી ? લોકોએ કેવી હાંસિ તથા અડચણ કરી ? પહેલવહેલી લોઢાની સડક કયાં બંધાઈ ? તે કેવડી હતી અને તે ઉપર ગાડી કેટલા વેગથી ચાલતી.

૩. સ્ટિવન્સનના શોધ પછી તેમાં કેવો સુધારો થતો આવ્યોછે, અને હાલ તેની કેવી સ્થિતિછે ? હાલ ઈંગ્લાંડમાં લોઢાની સડક કેટલી બધી ફેલી ગઇછે ? તેથી એના વેપાર રોજગારમાં કેટલો બધો વધારો થઈ ગયોછે ? દુનિયામાં બીજે ઠેકાણે કયાં કયાં રેલવે બંધાઇછે તેની ટુંકી હકીકત.

૪. હિંદુસ્તાનમાં રેલવે બાંધવાનો કયારે અને કોને વિચાર સૂઝયો ? પહેલવહેલી કયે ઠેકાણે, કેવી રીતે બંધાઈ. ત્યાર પછી બીજી રેલવેઓ કયાં અને કયારે બંધાઈ ? હાલ હિંદુસ્તાનમાં જે જે રેલવેઓછે તેનાં નામ, અર્થ, વિસ્તાર, અને વિશેષ હકીકત. એથી મુસાફરી તથા વે-

પારને કેવી સુગમતા મળીછે તેનું ટુંકું વર્ણન. હજી કયે ઠેકાણે રેલવે બંધાવાની જરૂરછે ?

૫. ગૂજરાતમાં કયારે રેલવે બંધાવા માંડી, કયારે બંધાઈ રહી ? તે વેળા લોકોને કેવું લાગ્યું ? હાલ એ રેલવેથી કેવા કેવા ફાયદા થયાછે ?

૬. ઉપસંહાર, એક માણુસ ખંતથી શું શું કરી શકેછે? એવા માણુસને લોક પ્રથમ હસેછે પણ તેથી પરિણામે આખી દુનિઆને લાભ થાયછે, અને તે માણસની કીર્ત્તિ બધે ગવાઈ રેહેછે.

☞ આ રીતે નિબંધ લખનારમાં બેશક ઐતિહાસિક જ્ઞાન ઘણુંજ જોઇએ અને પદાર્થ વિજ્ઞાન તથા આગગાડીની કળાનું પણ સામાન્ય જ્ઞાન તો જોઇએજ.

(આગગાડી વિષે વિવેચનરૂપ નિબંધ.)

૧. આગગાડી એ આ જમાનાનો એક ચમત્કાર, અને વિદ્યાનું મોટું પરાક્રમ છે. એને ખેંચવાને ઘોડા કે બળદ જોઇતા નથી, એને થાક લાગતો નથી, રાતને દહાડો કામ કરેછે. એનું બળ કેટલું ? વેગ કેટલો ? તે છતાં કોયલા શિવાય બીજું એને કાંઈ ખાવા જોઇતું નથી. વરાળયંત્રે દુનિયામાં મોટો ફેરફાર કરી નાંખ્યોછે. માટે એની રચના સમજવી જોઇએ.

૨. વરાળયંત્રમાં શી રીતે ગતિ ઉત્પન્ન થાયછે તેની વિસ્તારથી સમજ. આગગાડીની વિશેષ રચના કે જે વડે પૈડાં ફરેછે અને ગાડી ચાલેછે.

૩. આગગાડીના ફાયદાઃ—

अ. વેપારનો બેહદ વધારોઃ—વખતસર અને સસ્તે ભાવે એક ભાગની પેદાશ બીજા ભાગમાં લેઈ જવાયછે. તેથી બંને ભાગના લોકને ફાયદો થાયછે—પોતાનો માલ ખપેછે

અને પારકો માલ મળેછે. વેપાર વધવાથી ઉદ્યોગ વધેછે અને બીજા પણ ઘણા લોકની રોજી જાગેછે. આગગાડી ન હોય, તો એક ભાગની પેદાશ લાંનીલાંજ નામની કિંમતે વેચવી પડે, અને ગાડામાં મોકલે તો વાટમાં બગડી જાય કે ખરચ એટલો બધો થઈ પડે કે ત્યાં વેચાઈ શકે નહિ. બંદરના જે ફાયદા છે તે આગગાડીથી સઘળાં ગામને મળેછે.

ब. મુસાફરી સહેલી અને સુખરૂપ થઈ પડેછે. માણસનાં ધાર્યાં કામ કેવી રીતે થઈ શકેછે તેની કાંઇક વિગત. વખતનો ને પૈસાનો બહુ બચાવો થાયછે, અને તેથી લોકોને સહેજ કારણને માટે પણ મુસાફરી કરવાનું મન થાયછે. બળદની ગાડીના દુઃખની સાથે આગગાડીની સગવડોનો મુકાબલો. તેથી દેશાટણ ને જાત્રા કરનારા લોકોમાં કેટલો વધારો થયોછે તેના પ્રત્યક્ષ દાખલા. હાલ આગગાડીએ અંતર ને કાળનો તો જાણે નાશજ કરી નાંખ્યોછે અને તેથી માણસો દૂર દૂરને ઠેકાણે પણ ધંધો રોજગાર કરવા ખૂશીથી જઈ શકેછે. એથી પ્રવાસ ને વેપારનો વધારો, અને તેની દેશની આબાદી ઉપર સારી અસર.

क. દેશની સમાધાની સહેલથી જળવાઈ શકે છે. અસલ જ્યારે હિંદુસ્તાનના એક ભાગથી બીજા ભાગમાં જતાં છ છ મહીના ને વરસ દહાડો લાગતો, ત્યારે જૂદા જૂદા ભાગમાં કેટલું બધું લશ્કર રાખવું પડતું હતું? હાલ થોડા લશ્કરે બધો દેશ પહેલા કરતાં વધારે સારી રીતે જાળવી શકાય છે. બંડની ઇચ્છા આગગાડીને તારનું નામ સાંભળીજ મરણ પામેછે. એથી દેશના લશ્કરી ખરચમાં ઘટારો અને સમાધાનીમાં વધારો.

૪. પૂર્વપક્ષ અને તેનું સમાધાન.

अ. ગાડીવાળા ભૂખે મરશે એ દહેશત તો અનુભવથી ખોટી ઠરીછે, પણ ઉલટો ગાડીમાં ગામેગામ બહુજ વધારો થએલો માલમ પડેછે. એમ થવાનું કારણ એ છે કે ભાડું સાંઘુ થવાથી જનાર આવનાર તથા વેપારમાં બહુજ વધારો થયો. એ વધારો કેટલો બધો છે તે એક સ્ટેશન ઉપર દરરોજ કેટલા ઉતારૂ ને માલ ચડેછે, અને આગગાડી થયા પહેલાં રોજ કેટલાં ગાડાં જતાં હતાં તેનો મુકાબલો કરવાથી માલમ પડેછે. આ વધારાથી આગગાડીને જોઇતું કામ મળ્યું એટલુંજ નહિ, પણ ગાડાઓનો પણ પહેલાં કરતાં ખપ વધ્યો.

ब. મોંઘવારી થાય એ કહેતું પણ ખોટું છે. અમુક વસ્તુઓ જેનું પહેલાં કાંઈ ઉપજતું નહિ હોય તેની હાલ વધારે કિંમત બેસતી હશે ખરી, પણ તેના બદલામાં જે વસ્તુઓ પહેલાં સ્વપ્નામાં પણ મળી શકતી નહોતી તે હાલ મધ્યમ કિંમતે સઘળાને મળી શકેછે. જે વસ્તુ આપણા ભાગમાં મોંઘી થાયછે તે બીજા ભાગના લોકને સોંઘી મળેછે, અને આપણા વેપારીને નફો થાયછે. દુકાળ જેવા વખતમાં આગગાડીથીજ લાખો માણસ મરતાં બચે છે. દક્ષિણના અને કાઠીયાવાડના છેલ્લા દુકાળોના દાખલા. બીજા ભૂખે મરે અને આપણે ત્યાં જરા મોંઘવારી પણ ન થાય એમ ઇચ્છવું એ મહા દુષ્ટ, તેમજ બેવકુફી ભરેલી ટુંકી નજરનું કામ છે, કેમકે એવી રીતનો આપણો વારો પણ આવેજ. આગગાડીથી ઘણા માણસને ઘણું સુખ મળેછે.

क. અકસ્માત થાય તો ઘણાનો જીવ જાય એ વાત ખરી, પણ એવા અકસ્માત કોઇજ વેળા બને. ગાડી,

ઘોડા, હોડી, વગેરેથી માણસો મરી જાય છે અથવા અપંગ થાયછે તેની દશવીશ વર્ષની આખા દેશની સરાસરી કાહાડીએ તો તેટલી મુદ્દતમાં આગગાડીથી નિપજેલી ઇજાઓ કરતાં ઉલટી વધારે માલમ પડશે. તે છૂટે છૂટે ઠેકાણે અને જૂદે જૂદે વખતે થાયછે, અને આ એક ઠેકાણે એકજ વખતે થાયછે તેથી આગગાડીના અકસ્માત વધારે ભયાનક લાગેછે. બાકી એમાં તો જિંદગીની સલામતી વધારેછે.

૫. સડકો, આગગાડી, તાર વગેરે દેશની આબાદીનાં મોટાં સાધનો છે. સુધરેલા રાજ્યની એ મુખ્ય નિશાની છે. યુરોપની સમૃદ્ધિનું એજ કારણ. આપણા દેશમાં પણ એનો જેમ જેમ વધારો થાય તેમ સારૂં.

☞ આ રીતે લખનાર અર્થવિદ્યા અને પદાર્થ વિજ્ઞાનમાં કુશળ હોવો જોઇએ.

આ ત્રણ નમુના ઉપરથી માલમ પડશે કે એકજ વિષય ઉપર કેવી જૂદી જૂદી જાતના નિબંધ લખાઇ શકેછે, અને તે દરેકમાં કેટલું બધું લખવાનું છે. ઉપર જે અમે ટાંચણ બતાવ્યું છે તે તો માત્ર ઇશારા દાખલ છે—એથી પણ એમાં ઘણી વધારે વિગત અને પેટાં પણ આવી શકે. આ ઉપરથી જણાશે કે આગગાડી વિષે મોટી ત્રણ ચોપડી થઇ શકે અને તેમાં એક અક્ષર પણ મળતો આવે નહિ. મુસાફર અથવા વર્ણન કરવાની શક્તિવાળા પહેલી જાતની ચોપડી, તવારીખ જાણનારો બીજી રીતની, અને શાસ્ત્રજ્ઞાનવાળો ત્રીજી જાતની ચોપડી લખે. ત્રીજી જાતમાં વળી બે પ્રકાર સમાએલા છેઃ—અર્થ વિદ્યા અને પદાર્થ વિજ્ઞાન, અને એ દરેક બાબત ઉપર પણ નિરાળી ચોપડીઓ થઇ શકે. વેપારી લખવા બેઠો હોય તો

તે અર્થે વિદ્યાની અને હકીકતોની મદદ લઈ આગગાડી-ના ફાયદા ગેરફાયદા તથા ક્યાં ક્યાં અને કેવી જાતની ક-રવી જોઇએ તે વિષે પુસ્તક લખે. તેમજ યંત્રશાસ્ત્રી એની રચના વિષેજ એક ગ્રંથ લખે, અને ઇંગ્રેજી જેવી ખેડાએલી ભાષાઓમાં એ પ્રમાણેજ પુસ્તકો લખાએલાં છે.

આ ત્રણમાંથી એકે બાબત ઉપર જેને વિશેષ જ્ઞાન નથી, તેતો એ ત્રણે પ્રકાર ભેળા કરી પોતાનું જેમાં વિશેષ બળ હોય તેવી વાતો વધારે આવે એવી તજવીજથી એકજ નિબંધ લખે. તેને મિશ્ર રૂપનો નિબંધ કહીએ. સા-ધારણ લખનારા મિશ્ર નિબંધજ લખેછે, અને તેવાજ તે લખી શકે. મિશ્ર નિબંધ ચતુરાઇથી લખ્યો હોય, તો તે વાંચતાં સર્વેને રસ લાગે તથા બોધ મળે એવો થઈ શકે. તેના નમુના દાખલ અમે નીચે મુખ્ય મુખ્ય પેટાં પાડી બતાવીએ છીએ.

૧ વરાળયંત્ર તથા આગગાડીનું વર્ણન.

૨ એની શોધ તથા હાલ ક્યાં ક્યાં લોઢાની સડકો બંધઇ છે તે.

૩ આગગાડીથી થતા મુસાફરને તથા વેપારને ફાયદા.

૪ છેવટે જુદી જુદી જાતના વિચાર તથા બોધ.

આ રીતે લખતાં જેની વર્ણન શક્તિ સારી હોય તે પહેલા, ઈતિહાસ જ્ઞાન વધારે હોય તે બીજા, અને તોલન શક્તિ વધારે હોય તે ત્રીજા પેટાનો વિસ્તાર વધારે કરે, અને એ ત્રણેના નિબંધ સારા લાગે. તોપણ બીજાં પેટાં રહી જવાં ન જોઇએ. એમાંનું એકે પેટું ભરતાં વિશેષ બુદ્ધિ કે જ્ઞાનનો ખપ પડે એમ નથી. સાધારણ માણસ આ મિશ્રરૂપ નિબંધ લખી શકે.

प्रकरण ३ जुं.

નિબંધની ભાષા સંબંધી *સ્વલ્પ વિચાર.

આપણે પ્રથમ કહ્યું હતું કે નિબંધ લખવામાં વિચાર ને ભાષા એ બંને ઉપર સરખુંજ ધ્યાન આપવાનુંછે. વિચાર કેવા પ્રકારના જોઇએ, અને તેને કેમ ગોઠવવા તે વિષે આપણે કહી ચૂકયા, અને હવે ભાષા કેવી લખવી તે બાબત કાંઈ કહીએ છીએ.

१. याद राखवुं के परीक्षामां निबंध लखावे छे तेनो मुख्य हेतु तमने केवी भाषा लखतां आवडे छे तेज जाणवानो होय छे.

એટલે, લખનારમાં સામાન્ય જ્ઞાન કે બુદ્ધિ કેટલીછે એ જાણવાને સારૂ નિબંધ લખાવતાજ નથી. કોઇનામાં કાંઇ વધારે જ્ઞાન કે બુદ્ધિ હોય તો તે જણાઈ આવે ખરી, અને તે પ્રમાણે તેનો નિબંધ ચડીઆતો એ ગણાય, તોપણ પરીક્ષકનો મૂળ હેતુ એ જાણવાનો નથી.

આ વાત લક્ષમાં ન હોવાથી ઘણા નિશાળીઆઓ ખતા ખાયછે. તેઓ નિબંધના અર્થ ઉપરજ બધું ધ્યાન આપેછે, અને ભાષા તો જેવી લખાય તેવી લખી નાંખેછે. આ ગાંડી બેપરવાઇનું ફળ એજ થાયછે કે તેઓ નિબંધમાં એકે દોકડો મેળવી શકતા નથી. જો નિબંધ

---

*સ્વલ્પ પણ અહિંયા યથાસ્થિત લખવું અશક્યજ છે, કેમકે ભાષાના ગુણદોષમાં કાંઈ પણ ઊંડાણથી ઉતરવા જઈએ તો આખા સાહિત્યશાસ્ત્રને થોડું ઘણું પણ છેડયા વિના ચાલેજ નહિ એમછે. માટે એ વિષય તો અન્યસ્થળે, અન્ય પ્રસંગેજ, ઇશ્વરેચ્છાએ.

લખાવવાનો શો હેતુછે તે જાણુતા હોય, તો તેઓ કદી આમ કરે નહિ; અને જો ભાષા ઉપર ધ્યાન આપે તો મધ્યમ રીતની. તો સૌએ લખી શકે, કેમકે પોતાની ભાષામાં લખવું એ કાંઈ ઘણું અઘરૂં કામ નથી—માત્ર ભાષા ઉપર ધ્યાન આપવું જોઇએ એ જાણવુંજ બસછે.

૫. भाषामां प्रथम तो अक्षर, जोडणी, अने विराम चिन्ह ऊपर संपूर्ण ध्यान आपवुं.

નિબંધ તપાસનાર હમેશાં આ ત્રણ બાબતના કાંઈક દોકડા જૂદાજ રાખેછે, અને આ ત્રણ વાતમાં નિબંધ સારો હોય, તો તેને નાપાસ થવાની થોડીજ દહેશત રહેછે. આ ત્રણ વાત પણ એવીછે કે જો લક્ષ રાખે, તો એમાં સઘળા સારા દોકડા મેળવી શકે. ફકત એમાં કાળજીનું કામ છે.

"કાપી" ના જેવાજ નિબંધમાં અક્ષર લખવાની જરૂર નથી, પણ તે સુઘડતાઈ ભરેલા, અને સહેલથી વંચાય એવા તો જોઇએજ. ડાઘાડુઘી કે ચે'રણ ચુંથણુ કદી પણ કરવું નહિ. વાંકા ચૂંકા પાંખડાઓ ખેંચીને કદીપણ ફક્કડાઈ બતાવવા જવું નહિ. પાંખડા વિના સાદા કામ ચલાઉ અક્ષર લખવા કદી ભૂલવું નહિ. નિબંધ તપાસનારને તે વાંચતાં જેટલી મહેનત પડેછે તેનો બદલો તમારા દોકડામાંથી (જાણે કે અજાણે) વાળી લીધા વિના તે કદી રહેવાનો નથી. પરીક્ષાના સઘળા કાગળીઆ લખતી વેળા આ વાત ધ્યાનમાંજ રાખવા જોગછે. વાંચતાં પરીક્ષકને કંટાળો ઉપજ્યો કે સ્વાભાવિક રીતેજ તેની કલમમાંથી થોડા દોકડા નીકળવાના. શબ્દે શબ્દ જૂદા લખવાનો ધારો કદીપણ ભૂલવો નહિ. એમ કરશો તો વંચાય એવું સહેલથી લખાશે.

જોડણીને તથા વિરામ ચિન્હ એ તો નિબંધમાં જોવાની મુખ્ય વસ્તુઓજ છે. જોડણીની ઘણી ભૂલો હોય, તો તો ગમે એવો સારો નિબંધ હોય તોપણ તે રદજ ગણવા-માં આવે.

વિરામચિન્હ છાપેલી ચોપડીમાં શી રીતે મૂકવામાં આવેછે તે જોવું, અને નિબંધ લખતી વેળા તેમ કરવું. થોડો મહાવરો પડ્યા પછી તમને એ કામ સહેલું થઈ પડશે. પૂર્ણવિરામ ને અલ્પવિરામ તો બરાબર મૂકતાં આવડવાંજ જોઇએ. એ વિના લખાણ શોભતુંજ નથી. એ મૂકવાના નિયમ આ ચોપડીને છેડે આપ્યાછે.

३. वाक्य रचतो वेळा प्रथमतो पोतानां मनमां जे होय ते स्वाभाविक रीते जेम बोलातुं लखातुं होय तेमज लखी जवुं, अने पछीथी तेमां जे दोष देखाय ते दूर करवा.

આ નિયમની મતલબ એછે કે લખવામાં ડોળ કરવું નહિ. જાણી જોઇને મોટા મોટા શબ્દ કે વાક્ય લખવાથી નિબંધ કદીપણ સારો થાયછે એમ સમજવું નહિ. સર-લ—બધાથી સમજાય એવી—અને આપણો ધારેલો અ-ર્થ જેમાં બરાબર સમાઈ રહે તેજ ઉત્તમ ભાષા કહેવાયછે. બધા લોક જે રીતે બોલતા લખતા હોય તે રીતેજ આ-પણે લખીએ, તો આપણી ભાષા બધાથી સમજાય. ડોળ કરવાથી ઉલટી તે બગડી જાય, કોઇને તેમાં સમજ પડે નહિ, અને વખતે અર્થનો અનર્થ પણ થાય.

મોટા શબ્દ કે વાક્ય નજ લખવા એમ કાંઈ કહેવાની મતલબ નથી. મતલબ એછે કે જેમ બોલાતું હોય તેમ લખવું ને ડોળ કરવું નહિ, અને એવે પ્રસંગે જો બોલવામાં

ઓટા શબ્દ કે વાક્ય આવતાં હોય તો આપણે પણ તેમ કરવું. શીખાઉને ડાળ કરવાનું બહુ મન થાયછે તેથી આ નિયમ આપવાની જરૂર પડેછે.

કદાપિ કોઈ કહેશે કે બોલાતું હોય તેમજ લખીએતો તો નિબંધ અશુદ્ધ ને નઠારો થઈ જાય. જો બોલનાર જાતે કેળવાએલો હોય, તો તો એ પ્રમાણે કદી થાયજ નહિ. તેની કેળવણીમાં ખામી હોય, તો એમ બનવાનો કેટલોક સંભવ છે ખરો, અને તે માટેજ એ નિયમમાં કહ્યું છે કે એમ લખી ગયા પછી તેમાં જે દોષ હોય તે દૂર કરી જવા.

ભાષામાં દોષ કેવા કેવા આવી શકે એનું બરાબર વિ-વેચન કરવા બેસીએ તો વિષય બહુજ વધી જાય અને એક નિરાળો ગ્રંથ થાય. માટે ભાષામાં મોટા ગુણ કયા કયા જોઇએ તેજ કાંઈ નીચે સમજાવીએ છઇએ.

૪ शुद्धि, रूढि, यथार्थता, अने सुवर्णता ए चार गुण जे भाषामां होय ते भाषा उत्तम कहेवायछे.

એ ચારે ગુણ સંપૂર્ણ રીતે ભાષામાં આણવા એ બહુજ વિકટ કામ છે, અને તે થોડાનાજ લખાણમાં હોયછે. એવી વાણી તો વિરલા ગ્રંથકારોનીજ હોયછે. ઘણો અભ્યાસ, ઘણું જ્ઞાન, ઘણી રસિકતા, અને ઘણી બુદ્ધિ સ્વાભાવિક રીતે હોય ત્યારેજ એ ચારે ગુણ સંપૂર્ણ પણે આવી શકેછે.

તોપણ સઘળાના લખાણમાં શુદ્ધિ અને રૂઢિ એ બે ગુણતો સહેલથી આવી શકે; અને તે આવવાજ જોઇએ. એ બે ગુણવિના તો લખાણ નકામું ફેંકી દેવાનુંજ ગણાય.

૫. देशमां मान्य वर्गना लोको जे शब्द अने वाक्यरचना वापरता होय तेज शुद्ध कहेवाय.

પ્રથમ તો માન્યવર્ગ કોને કહેવો એ જાણવું જોઇએ, કેમકે તેના બોલવા ઉપરજ ભાષાની શુદ્ધતાનો બધો આધાર છે. જેનું બોલવું બધાએ દેશમાં શુદ્ધ માન્યું છે તેનું નામ માન્યવર્ગ. ગામડીઆ કરતાં શહેરીની, નીચવર્ણ કરતાં ઉંચવર્ણની, અને અભણ કરતાં કેળવાએલાની ભાષા શુદ્ધ મનાય છે. માટે શેહેરના ઉંચવર્ણના ભણેલા માણસો જે પ્રમાણે બોલે તે શુદ્ધ.

ભાષાશુદ્ધિનું આ શિવાય બીજું માપ નથી. વ્યુત્પત્તિ કે મૂળરૂપ ઉપર એનો કાંઈ પણ આધાર નથી. માન્યવર્ગમાં જે બોલાયું તે શુદ્ધ, અને એથી જે ઉલટું તે સઘળું અશુદ્ધ.

ગામડીયા, પ્રાંતભેદના, પરભાષાના, કે વ્યાકરણ દોષવાળા શબ્દ વાપરવા નહિ. ગામડીયા બોલ તો સહજ ઓળખાઈ આવેછે, અને તે વાપરવાથી હાંસિ થાય છે.

પ્રાંત ભેદના શબ્દ એટલે જે શબ્દ દેશના અમુક ભાગમાં બોલતા હોય તે. ગૂજરાતી ભાષામાં મુખ્ય ત્રણ પ્રાંતભેદ છેઃ—કાઠીયાવાડી, ચરોતરી, ને સુરતી. પ્રાંતભેદનો દોષ દૂર કરવો એ શિખાઉને માટે અઘરૂં છે, કેમકે તે પ્રાંતના માન્યવર્ગના લોકના બોલવામાં પણ વખતે એવા શબ્દ હોય તે છતાં હાલ કેળવાએલા લોકની બોલી ગૂજરાતમાં બધે એક થવા લાગીછે, અને સરકારી વાંચનમાળામાં ખાસ ધ્યાન આપીને પ્રાંતભેદ વગરની ભાષા લખી છે. કેટલાક ગ્રંથકારોની પણ ભાષા એવીજ શુદ્ધ છે. તેથી એ બધાનો લક્ષપૂર્વક અભ્યાસ કર્યો હોય તો પ્રાંત ભેદનો દોષ દૂર થઈ શકે.

પરભાષાના શબ્દને માટે પણ એમજ સમજવું. જે શબ્દ માન્યવર્ગના લોકો બોલેછે તે પછી સંસ્કૃત હોય, અપભ્રંશ હોય, ફારસી હોય, કે અંગ્રેજી હોય તો તે શુદ્ધ

ગૂજરાતીજ છે એમ જાણવું, અને એ શિવાયના ગમે તે ભાષાના હોય તોપણ તે પરભાષાના જાણવા. આ બાબત ગૂજરાતમાં હાલ કેટલાકનો વિચાર બહુ ભૂલ ભરેલો છે. તેઓ એમ સમજેછે કે સંસ્કૃત શબ્દો જેમ વધારે નાંખીએ તેમ ભાષા વધારે શુદ્ધ થાય. આવી સમજથી તેઓ બિચારા રૂઢ ગૂજરાતી શબ્દોને પણ તાણી ટીપીને મૂળ સંસ્કૃત રૂપેજ લખેછેઃ—જેમકે પરચૂરણ ને પ્રચૂર્ણ, મહેલ ને મહાલય. વગેરે. ફારસી આરબી શબ્દોની સાથે તો તેઓ હાડવેરજ રાખેછે તેને દેખે છે. ત્યાંથી મારીને કાઢી મૂકે છે. પણ આ સઘળો ગાંડો મમત છે, અને ખરૂં જોઇએ તો એવાં લખાણ ગૂજરાતીમાં અશુદ્ધ અને પરભાષામય છે. માન્ય વર્ગમાં ન વપરાતા સંસ્કૃત શબ્દ પણ *પરભાષાનાજ ગણાય, અને જે ફારસી, આરબી શબ્દો બધાની બોલીમાં પેસી ગયાછે તેને ગૂજરાતી શબ્દજ ગણવા જોઇએ, કેમકે ગૂજરાતી ભાષા કાંઈ મૂળની નથી, પણ સંસ્કૃત, ફારસી વગેરેનાજ મિશ્રણથીજ ઉત્પન્ન થએલી છે.

ગૂજરાતી ભાષાના પ્રાચીન પ્રસિદ્ધ મહા કવિઓ જે શબ્દો વાપરી ગયા હોય તે તો સર્વમાન્યને શુદ્ધજ છે એમ જાણવું.

ઉપર આપણે શબ્દદોષનો વિસ્તાર કર્યો, પણ વાક્ય રચનાનું પણ એમજ જાણવું. વાક્ય ગોઠવવાની રીતપણ

---

*આપણી ભાષા સંસ્કૃતમાંથી નીકળી છે તથા ધર્મ વિદ્યાનાં મૂળ તેમાંથીજ આવેલાં છે, તેથી ગૂજરાતીમાં શુદ્ધ કે અપભ્રંશરૂપે સંસ્કૃત શબ્દ ઘણા અલબત્ત આવેજછે, પણ ન આવતા હોય એવા અજાણ્યા શબ્દો દુરાગ્રહથી લાવવાની જરૂર નથી, એટલું કહેવાનીજ અમારી અહિંયા મતલબ છે.

આમડીયા, પ્રાંતભેદવાળી, કે પરભાષાની તરેહની ન જોઇએ. પુરાણીઓ જે વાક્યરચના વાપરેછે તે સંસ્કૃત ઢપની હોયછે અને તેથી તે હાંસિપાત્ર થાયછે. કેટલાક પારસી લખનારાઓ ઈંગ્રેજી રીતેજ વાકય ગોઠવેછે. જેને બીજી ભાષા આવડતી નથી તેને આ દહેશત થોડીજછે, તોપણ બીજા ગ્રંથો વાંચતી વેળા આ વાત જાણી હોય તો સાવચેતી રાખી શકાય.

વ્યાકરણ દોષવાળા શબ્દ કે વાકય વાપરવાં નહિ એમ કહેવાની તો જરૂરજ નથી. વ્યાકરણ પ્રમાણે જાતિવચન વગેરે જે લાગવું જોઈએ અથવા અન્વય અનુક્રમ વગેરે રાખવો જોઇએ તેમ ન કર્યું હોય, ત્યારે વ્યાકરણ દોષ થાય અને ભાષા ઘણી અશુદ્ધ ગણાય, જોડણીની ભૂલો આ પેટામાંજ ગણવી. વ્યાકરણદોષ તો ખામુખા દૂર કરવો જોઇએ, કેમકે એમ કરવામાં ફક્ત સાધારણ સંભાળની જરૂર છે. જો કોઈ વખત માન્યવર્ગની બોલીમાં ને વ્યાકરણમાં વિરોધ આવી પડે, તો એમ જાણવું કે વ્યાકરણ ખોટુંછે. વ્યાકરણનું પણ પરમ પ્રમાણ તો માન્યવર્ગનું બોલવું એજછે, અને તેથીજ શુદ્ધિની વ્યાખ્યા અમે તેની ઉપરજ રાખીછે.

શુદ્ધ ભાષા શીખવાનો ખરો ઉપાય એજછે કે તે ભાષાનામાન્ય ગ્રંથોનો અભ્યાસ કરવો, અને માન્ય બોલનારને સાંભળવા.

૬. જે પ્રસંગે જેવી રીતે બોલાતું હોય, તે પસંગે તેવી રીતે બોલવું તેને રૂઢી કહેછે.

રૂઢિનું પરમ પ્રમાણ પણ માન્યવર્ગનું બોલવું એજ છે, તેથી ગામડીઆ રૂઢી, પ્રાંતભેદની રૂઢી; કે પરભાષાની રૂઢી પ્રમાણે આપણે લખીએ બોલીએ, તો તે દોષ ગણાય.

યાદ રાખવું કે શબ્દ શુદ્ધ હોય, તોપણ તે રૂઢ ન હોય, અર્જીને વિજ્ઞપ્તિ એ બંને શબ્દો શુદ્ધ છે, એટલે ગૂજરાતીમાં વપરાઈશકે છે, તોપણ પ્રસંગ પ્રમાણે ઉપયોગ કરવો જોઇએ. સરકારમાં અર્જી કરી એમ બોલવું હોય, ત્યાં સરકારને વિજ્ઞપ્તિ કરી એમ બોલીએ, તો રૂઢિનો મોટો દોષ ગણાય, દહેરૂં, મંદિર, અને દેવલ એ ત્રણે શબ્દના અર્થ તથા વ્યુત્પત્તિ પણ ઘણું કરીને સરખીજ છે, તોપણ રૂઢિ પ્રમાણે એ બોલ જે પ્રસંગે બોલાય છે તેજ પ્રસંગે બોલવા જોઇએ. મહાદેવનું મંદિર, ગોસાંઇજીનું દેવલ, અને ખ્રીસ્તીનું દહેરૂં એમ બોલીએ તો શુદ્ધ ગુજરાતી માણસને હસવું આવ્યા વિના રહે નહિ. વાક્ય રચનાનું પણ એમજ સમજવું.

૭. जे अर्थ मनमां धार्यो होय तेज अर्थ भाषा मांथी नीकळे तेने यथार्थता कहीए.

તમને કદાપિ એમ લાગશે કે આ કામ કાંઈ અઘરૂં નથી, અને કહેશો કે સઘળા માણસો ધારેલો અર્થજ બોલે. પણ એમ નથી. મનનો અર્થ બરાબર ભાષામાં એવી રીતે ઉતારવો, કે ધાર્યા કરતાં કાંઇ અર્થ વધી કે ઘટી જાય નહિ અથવા ભાવમાં કાંઇ ફેર પડે નહિ, એ કામ બહુજ વિકટ છે. તે એટલું અઘરૂં છે, ઘડાએલા ગ્રંથકારોમાંથી પણ થોડાજ તે બરાબર કરી શકેછે. ભાષાનો એ સર્વોપરી ગુણછે, અને તે મેળવવાને માટે સૂક્ષ્મ બુદ્ધિ, ઘણી કેળવણી, અને ઘણો અનુભવ જોઇએ છીએ. શિખાઉને તો યથાર્થતા શું એજ પ્રથમ સમજાતું નથી.

આ ગુણ મેળવવાને માટે શબ્દે શબ્દનું તોલન કરવાનો મહાવરો રાખવો જોઇએ, અને દરેક વખતે વિચાર કરવો કે શબ્દમાં જરા પણ ફેરફાર કરવાથી અર્થ કે ભાવમાં કેટલો ફેર પડી જાયછે.

આ ગુણ ભાષામાં ન હોય, તો વખતે પ્રશંસા ધારી હોય ત્યાં નિંદા, અને નિંદા ધારી હોય ત્યાં પ્રશંસા અજાણપણામાં થઈ જાયછે, અને સમજુ વાંચનારને હસવું આવેછે. આ ગુણ પરિપૂર્ણ રીતે શાસ્ત્રીય ગ્રંથોમાંજ જોવામાં આવેછે.

८. शब्द के वाक्यना अक्षर एवा होय के तेथी सांभळनारनां मन राजी थाय, अने अर्थना रसमां ते शब्दोनी ध्वनिथीज वधारो थाय तेने सुवर्णता के संध्वनि कहीए.

આ ગુણને અર્થની સાથે કાંઈ સંબંધ નથી, તે ઉચ્ચારની ઉપરજ આધાર રાખેછે. એનો હેતુ ફક્ત કાનને સારૂ લગાડવાનોજ છે, તો પણ એ ગુણ કેટલેક દરજ્જે અવશ્યનો છે. અર્થ સારો હોય પણ શબ્દો જો કાનને કરડે એવા હોય, તો તે સાંભળી કોઇપણ રાજી થાય નહિ. તેમજ કોઈ વખત શબ્દ એવા સરસ ઉચ્ચારણના હોય ને ઉપવાક્યો એવા પ્રમાણમાં લહેકાતાં ચાલ્યાં જાય કે અર્થ ધુળ જેવો હોય તો પણ તે વાક્ય સાંભળીને માણસનાં મન રાજી રાજી થઈ જાય.

આ ગુણ ઉત્તમ કવિયોમાં સંપૂર્ણ રીતે જોવામાં આવેછે. ગદ્યના ગ્રંથોમાં એ ગુણ અમુક દરજ્જેજ આવી શકે, અને હદની બહાર હોય, તો તો તે સદા ધિક્કારવા જોગજ ગણાય છે.

નિબંધ લખનારે આરંભમાં તો કદી પણ શબ્દની ટાપટીપ કરવા તર્ફ ધ્યાન રાખવું નહિ. એણેતો શુદ્ધિ, રૂઢિ ને યથાર્થતાના ગુણ મેળવવાનીજ ખંત રાખવી સુવર્ણતા તો એની મેળે જેટલી આવે તેટલાથીજ સંતોષ માનવો.

પ્રકરણ ૪ થું.

કેટલાક નિબંધોની સંક્ષિપ્ત નોંધ.

૧. સ્ત્રી કેળવણી.

૧. કેળવણીની વ્યાખ્યા. સંસારમાં પોત પોતાનાં કર્તવ્ય સારી રીતે કરવાને કેળવણીની સઘળાને જરૂર છે. પુરૂષ કરતાં સ્ત્રીને કાંઈ ઓછાં કર્તવ્ય નથી. જે લોક સ્ત્રી કેળવણીને નકામી ગણેછે તે લોક કેળવણીનો અર્થજ સમજતા નથી.

૨ નહિ કેળવાએલી સ્ત્રીનું વર્ણન તથા તેના ગેરફાયદા.

અ. સ્ત્રીએ ઘરમાં પ્રધાનવટાનું કામ ચલાવવું જોઇએ, તેમ તે કરી શકતી નથી. પણ એક ગુલામડીના જેવુંજ વહીતરૂં કરી જાણેછે. એથી પુરૂષને ઘરની ને બહારની બંને ફિકર રાખવી પડેછે, પણ ગૃહસ્થાશ્રમના કામની ખરી વહેંચણ તો એ છે કે પુરૂષે બહારથી કમાઈ લાવવું અને સ્ત્રીએ ઘર ચલાવવું.

બ. બાળકોની સંભાળ તથા કેળવણી એ સ્ત્રીનું ખાસ કામ છે, પણ તેનાથી તે બિલકુલ થઈ શકતું નથી. બાળકેળવણી માથીજ સારી અપાય. ભણેલી માને લીધે સારા નીવડેલા છોકરાઓનાં ઉદાહરણ.

ક. ધણી ધણીયાણીની કેળવણીમાં ફેર હોવાથી તેઓને બનતું નથી. કજોડ બળદથી શી રીતે ગાડું ચાલે ?

ડ. વહેમી તથા અજ્ઞાન સ્ત્રી પુરૂષને સારા કામમાં નિરંતર આડે આવે છે અને છોકરાંઓને બગાડે છે.

૩. સુધરેલા દેશોમાં સ્ત્રી કેળવણી અવશ્યની ગણાયછે.

અ. સ્ત્રીઓ જ્યાં સુધી ભણેલી નથી ત્યાં સુધી કોઈ પણ દેશ સુધરેલો શી રીતે કહી શકાય ? વસ્તીનો અર્ધો ભાગતો નિઃસંશય જંગલી રહેજ;

ब. સ્ત્રીઓ ભણેલી ન હોય ત્યાં પુરૂષની કેળવણી પણ અપૂર્ણજ રહે. છોકરાઓનો અને તેમજ પુરૂષોનો પણ કેટલોક કાળ સ્ત્રીઓના સહવાસમાં જાયછે, અને તેથી તેનો પાશ લાગ્યા વિના રહે નહિ.

क. અસલ જ્યારે આપણો દેશ સુધરેલો હતો, ત્યારે સ્ત્રી કેળવણી સારી રીતે અપાતી હતી. તેના દાખલા.—

૪ પૂર્વપક્ષ તથા તેનું સમાધાન.

अ. કમાવા જવું નથી એમ જે બોલેછે, તે કેળવણીનો અર્થજ સમજતા નથી. કમાવામાં જેટલી કેળવણીની જરૂર છે, તેટલીજ સ્ત્રીને ઘર ગોઠવણમાં છે. ઘરમાં ઘટતો ખરચ કરવો, હિસાબ રાખવો, છોકરાંને કેળવવાં, વગેરે કામો અભણ સ્ત્રીથી શી રીતે થઈ શકે ?

ब. અનીતિ વધે એમ જે કહેછે તે પણ કેળવણીનો અર્થજ સમજતા નથી. કેળવણી એટલે ફક્ત ભણવુંજ એમ નથી. ભણવાની સાથે તન, મન, ને નીતિ એ ત્રણે પ્રકારની કેળવણી જોઇએ. સ્ત્રી કે પુરૂષ સર્વેને નીતિ તથા ધર્મની કેળવણી જરૂરનીજ છે. એવી કેળવણી ન આપી હોય, તો વખતે માઠાં ફળ થાય; પણ એ ઉપરથીજ સિદ્ધ થાયછે કે કેળવણી આપવાની ખરેખરી જરૂર છે. અભણ સ્ત્રીઓમાં તો ઉલટાં દુરાચરણ વધારે હોય છે.

૫. ઉપસંહાર તથા બોધ.

૨. દેશાટણ.

૧. દેશાટણની મઝા. "જીવ્યા કરતાં જોયું ભલું" એ ઇચ્છા સ્વાભાવિક છે.

૨. ઉપયોગી જ્ઞાન તથા હોશીઆરી વધે છે.

अ. ઘણી ઘણી વસ્તુઓ પ્રત્યક્ષ જોવામાં આવે છે.

ब. માણસોના જુદા જુદા આચાર વિચાર જણાય છે, સારૂં નઠારૂં શું તે ઓળખતાં આવડેછે, અને ટુંકી અભિમાન-બુદ્ધિ દૂર થાય છે.

क. ઘાટ ઘાટના પાણી પીવાથી માણસ હોશિયાર ને પાકો થાય છે, કેમકે તરેહ તરેહના માણસો એના જોવામાં આવી જાયછે.

ड. ભાત ભાતની વિદ્યાકળાઓ એના જોવામાં આવેછે.

૩. વિદ્યાશાળામાં મળેલી કેળવણી દેશાટણ વિના અપૂર્ણ ગણાય છે. ભણ્યાની સાથે ગણ્યા પણ થવું જોઈએ.

अ. દેશાટણનો યૂરોપમાં ધારો.

ब. એ બાબત અસલ ભરતખંડનો ધારો.

૪. દેશાટણ સઘળાને ઉપયોગી છે. વિદ્વાન, વેપારી, કે કારીગર જે થવું હોય તેમાં દેશાટણથી ફાયદો થાય.

૫. (ટુંકામાંજ) હાલતો આપણને ઇંગ્લાંડની મુસાફરી કરવાની વિશેષે કરીને જરૂર છે એ સંબંધી જે વહેમ છે તેથી દેશને મહામહા નુકશાન થાયછે.

૬. ઉપસંહાર તથા બોધ.

૩. ઇંગ્લાંડની મુસાફરી.

૧. સામાન્ય દેશાટણના ફાયદા (ટુંકામાં).

૨. ઇંગ્લાંડની મુસાફરીના વિશેષ ફાયદા.

अ. યૂરોપ એ વિદ્યા, કળા તથા વ્યાપારનું મથક છે—હાલની કાશીયાત્રા એજ જાણવી.

ब. ઈંગ્લાંડની રાજવ્યવસ્થા એ હાલ ઉત્તમ રાજનીતિની નિશાળ છે. સ્વાધીનતાદિ ગુણો પ્રત્યક્ષ ત્યાંજ માલમ પડેછે.

क. એ આપણા રાજકર્ત્તાનો દેશ છે. ત્યાંની રીતભાતથી વાકેફ થયા વિના અથવા ત્યાં જઇને મહેનત કર્યા વિના

આપણે ઘટતી દાદને પહોંચી શકીએ નહિ. દાક્તરી, સિવિલસર્વિસ, ઈજનેરી વગેરે કેટલાક કામની મોટી પરીક્ષાઓ વિલાતમાંજ થાયછે.

૩. પૂર્વપક્ષ અને તેનું સમાધાન.

अ. ત્યાં જાય તેને વટલવુંજ પડે એમ નથી. ત્યાં સૌને પોત પોતાનો ધર્મ પાળવાની સંપૂર્ણ છૂટછે. ત્યાંની હવાને લીધે મદ્યમાંસ ખાવાં પડે એ પણ ખોટુંછે. પરહેજગાર એને માંસાહાર નિષેધક મંડળીઓ ત્યાં છે. તે સુખેથી રહી શકેછે.

ब. અટક નદી ઓળંગવાનો પ્રતિબંધ, તેનું ખંડન. પ્રાચીનકાળમાં એવું બંધન નહોતું. વચલા વખતમાં આસપાસ જુલમી મુસલમાનરાજ્યો થવાથી એવો ધારો નીકળ્યો. હાલ તેની જરૂર રહી નથી.

क. હાલ એ વહેમ કેટલે દરજ્જે દૂર થયો છે, અને કેટલાક માણસો વિલાત જવા લાગ્યાછે. એ પ્રવાહ બંધ પડવાનો નથી.

૪. ઉપસંહાર તથા બોધ.

अ. યાદ રાખવું કે એ વિના આપણા દેશની ઉન્નતિ થવાની નથી. હુનરકળા અને રાજ પ્રકરણી હકો વિલાયત ગયા વિના કદી પણ આપણા લોકને પ્રાપ્ત થવાના નથી.

ब. માટે ઇંગ્લાંડ જનારી સંખ્યા વધવી જોઇએ, અને સઘળા દેશાભિમાની પુરૂષોનો ધર્મછે કે તેમ કરનારને તન મન ધનથી ઉત્તેજન તથા સહાયતા આપવી.

૪ પુનર્વિવાહ.

૧. વ્યાખ્યા. ધણીના મૂઆ પછી સ્ત્રીએ ફરીથી પરણવું તેને પુનર્વિવાહ અથવા વિધવાવિવાહ કહે છે. નાતરૂં એટલે તો ધણી જીવંતો છતાં બીજાને જવું તે.

પુનર્વિવાહનો ધારો જેટલો સારો છે તેટલોજ નાતરાનો નઠારો છે.

૨. સ્વાભાવિક રીતે એ બાબત સ્ત્રી ને પુરૂષના હક સરખાજ હોવાં જોઇએ.

૩. હાલ એ બાબત હિંદુની જૂદી જૂદી નાતોમાં કેવો ચાલ છે તેનું કાંઈક વર્ણન.

૪. પુનર્લગ્ન ન કરવાદેવાથી થતાં નુકશાનો.

अ. વિધવાનાં અસહ્ય દુઃખો—તન, મન, ને ધનનાં.

ब. વ્યભિચાર, બાળહત્યા વગેરે થતા અધર્મો.

क. એથી કન્યાની ખોટ પડેછે. અને વસ્તી ઘટેછે.

૫. પૂર્વપક્ષ અને તેનું સમાધાન.

अ. શાસ્ત્રમાં મના નથી. પારાશર સ્મૃતિ. પ્રાચીન કાળમાં થએલાં પુનર્લગ્નો.

ब. લોકો ધર્મ સમજી પુનર્વિવાહ નથી કરતા, પણ તેથી તો ઉલટો ઘણોજ અધર્મ થાયછે. માટે મના હોય તો પણ દેશકાળ જોઇને એ ધારો તો ફેરવવોજ જોઇએ.

क. ધણીને મારી નાંખે એ કલ્પનાજ ગાંડી છે. દુનિયામાં બધે પુનર્લગ્ન થાયછે પણ કોઈ ઠેકાણે એમ થતું નથી. એ માણસના સ્વભાવથીજ ઉલટું છે. માણસ સંપૂર્ણ પાપી પણ નથી ને સંપૂર્ણ પવિત્ર નથી. એવું ઘોર કર્મ કરનાર સ્ત્રીઓ કદી પણ ઘણી નીકળેજ નહિ.

ड. ઊંચ નીચનો ભેદ શો ? એ બોલવું કેવળ મૂર્ખાઇ ને મિથ્યાભિમાનનુંજ છે. શું મહા અધર્મી ચંડાળ કર્મો કરવામાં ઊંચપણું રહેલું છે? એ વિધવાઓના કર્મથી તો ખરૂં જોતાં બ્રાહ્મણ વાણીઆ ઊંચને બદલે સૌથી નીચ ઠરેછે.

૬. સાર તથા બોધ..

૫. બાળલગ્ન..

૧. બાળલગ્નનો ધારો છેક ગાંડો, અસ્વાભાવિક, ને મહાપાપીછે.

अ. જુવાનીમાં આવ્યા પછી સ્ત્રી પુરૂષે પોતાની મેળે પરણવું એજ સ્વાભાવિક છે. અસલ આપણા દેશમાં અને હાલ યૂરોપમાં એમ થાયછે.

ब. હાલ માબાપ કેવી ગાંડી ને નિર્દય રીતે છોકરાંઓને માટે પસંદગી કરેછે તેનું વર્ણન.

क. માબાપ ગમે એટલી કાળજી રાખે, તો પણ નાનાં બાળક કેવાં નીવડશે તેની કાંઈ ખબર પડે નહિ; અને તેથી બાળપણમાં લગ્નજ કરવાં એ ખોટું.

૨. બાળલગ્નના ગેરફાયદાઃ—

अ. કજોડાં થાયછે. વિદ્યાભ્યાસ અટકેછે. અને શરીરે, બુદ્ધિએ, તથા પૈસેટકે ખરાબ થાયછે.

ब. બાળપણમાં છોકરાં વધારે મરેછે અને તેથી બાળલગ્ન કરાવવાથી ઘણી છોડીઓ બાળરાંડ થાયછે. માટે જે લોક પુનર્વિવાહ કરતા નથી તેણે તો ખસુસ બાળલગ્ન નજ કરવાં જોઇએ.

૩. અસલ આપણા દેશમાં ક્યારે પરણતા! તેથી દેશ કેવો સુખી હતો?

૪. આખા ભવનું સુખ લગ્ન ઉપર આધાર રાખેછે. એ બાબતમાં માબાપે બેપરવાહી રાખવી એ કેવી નિર્દયતા, કેવું મોટું પાપ, અને કેવી મૂર્ખાઈ!

૫. ઉપસંહાર. એ બાબતનો સુધારો બધાથી બની શકે એવો છે. એમાં શાસ્ત્ર કે ન્યાતની હરકત નથી. બોધ.

૬. ઉદ્યોગ.

૧. ઉદ્યોગ એ કુદરતનો પહેલોજ કાયદો જણાયછે.

अ. જગતમાં જે જોઇએ છીએ તે ઉદ્યોગથીજ બનેલું છે. દાખલા. ઉદ્યોગ બંધ રહેતો પ્રાણીમાત્ર મરણ પામે. દાખલા.

ब. ઉદ્યોગથીજ શરીર સારૂં રહેછે.
क. કામવિના મનને ગમતું નથી.
ड. માટે, માણસે ઉદ્યોગ કરવો એજ ઇશ્વરની ઇચ્છા જણાયછે. એમ ન કરે તે મહા પાપી જાણવો.

૨. બીજા ઉપર આધાર રાખવો એ બહુ ખોટું, મૂર્ખાઇનું અને શરમ ભરેલું કામ છે.

૩. ઉદ્યોગવિના દૈવ લૂલું છે. ઉદ્યોગી પુરૂષોના દાખલા અને તે ઉપરથી લેવાનો બોધ.

૭. માબાપની આજ્ઞા માનવી.

૧. છોકરાંઓનો એજ મુખ્ય ધર્મ છે.

૨. બાળક પોતાનું હિત અહિત સમજતું નથી, અને તેથી એનું સુખ માબાપના કહ્યા પ્રમાણે ચાલવામાંજ રહેલું છે.

૩. સઘળા ધર્મની એ સામાન્ય આજ્ઞા છે.
अ. માબાપના જેવું ખરી દાઝ જાણનાર અને શીખામણ આપનાર જગતમાં કોઈ બીજું નથી.
ब. તેની આજ્ઞા ન માનવી એ કેવી મૂર્ખાઈ, કૃતઘ્નતા અને નિર્દયપણું.
क. માબાપની આજ્ઞા ભંગ કરનારૂં બાળક આગળ જતાં બહુ દુ:ખી થાયછે અને જન્મસુધી પસ્તાયછે.

૪. મોટી ઉમરના માણસોએ પણ માબાપનું સદા માન રાખવું તથા યોગ્ય આજ્ઞાઓ પાળવી જોઇએ. જનધર્મમાં ભંગ પડાવે એવી આજ્ઞા હોય તો ન માનવી, પણ તેમનું માન તો સદાજ રાખવું અને તેમની સાથે હેત પ્રીતથી વર્તવું. માબાપનો ઉપકાર કદી પણ વાળી શકાય એવો નથી, અને તેમની આજ્ઞાઓ હમેશાં હિતબુદ્ધિથીજ ઉત્પન્ન થાયછે.

૮. સત્ય.

૧. સત્ય એ સઘળા સદ્‌ગુણનો સાથી છે, અને સત્યના જેવું પરમેશ્વરને બીજું કાંઈ વહાલું નથી.

अ. તેથી માણસમાત્રનું પરમેશ્વરે સાચા તર્ફજ સ્વાભાવિક વલણ કર્યું છે. બાળકો અને પ્રપંચરહિત માણસો સાચુંજ બોલેછે. જૂઠામાં જૂઠો માણસ પણ એક દિવસમાં જૂઠા કરતાં સાચું વધારે બોલેછે. અર્થાત્, સત્ય એજ સ્વાભાવિક છે. બીહીક અથવા લાલચથી વખતે માણસો જૂઠું બોલવાને ઉશ્કેરાય છે, પણ પાછળથી જ્યારે તેનાં પરિણામે માઠાં ફળ દેખેછે, ત્યારે જાણેછે કે સત્ય એજ કુદરતને તથા પરમેશ્વરને વાહાલું છે.

ब. સાચું બોલવાથી સઘળી જંજાળ દૂર થાયછે, કેમકે તે ઉપર કહ્યું તે પ્રમાણે સ્વાભાવિક, અને તેથી સહેલું છે. જૂઠું બોલનારને હમેશાં ફિકરમાં ને ફિકરમાં રહેવું પડેછે અને તે છતાં આખરે પકડાઈ ગયાવિના રહેતો નથી.

क. સાચું બોલવાથી આત્માને ઘણો સંતોષ વળેછે. તેને કદાપિ નુકસાન થાયછે તો પણ હું ઇશ્વરનો ચોર થયો નથી એ વિચારથી તેનું મન પ્રફુલ્લિત રહેછે. જૂઠા માણસને વખતે ફતેહ મળેછે, તો પણ તેના આત્મામાં હમેશ બળબળાટ થયા કરેછે.

૨. દુનિયામાં પણ સત્યથીજ ફાયદો થાયછે.

अ. આ સઘળો સંસાર સત્ય ઉપરજ રહેલો છે, એના દાખલા.

ब. જૂઠું બોલનારનો વિશ્વાસ ઉઠી જાયછે અને તેથી તેનાં સઘળાં સંસારી કામો અટકી પડેછે. પછીથી પસ્તાઇને સાચું બોલવા માંડેછે, તો પણ તેનો કોઈ ભરોસો કરતું નથી અને તેથી તે મહા દુઃખી દુઃખી થાયછે. માટે મશ્કરીમાં પણ જૂઠું બોલવું નહિ.

૩. જૂઠું બોલવાથી માણુસનું નીચપણું પ્રગટ થાયછે.
 अ. જૂઠું એ ગુલામનો દુર્ગુણ કહેવાયછે.
 ब. મોટા ખાનદાનના કે શૂરા માણુસો કદી જૂઠું બોલતા નથી. સત્યવાદી પુરૂષોના દાખલા.

૪. પૂર્વપક્ષ અને સમાધાન.
 अ. પોતે કાંઈ અપરાધ કર્યો હોય તો માની દેવો એજ ઉત્તમ માર્ગછે. એમ કરવાથી એકના બે ગુનાહ થતા નથી, ઘણી વખત માફી મળેછે, અને કદાપિ શિક્ષા થાયછે, તો પણ આબરૂ વધેછે અને પરમેશ્વર રાજી થાયછે.
 ब. કોઇનો જિવ બચતો હોય, તોપણ જૂઠું તો નજ બોલવું, કેમકે કાયદા પ્રાણી માત્રના કલ્યાણને સારૂ કર્યાછે, અને તે પ્રમાણે શિક્ષા કરવી અથવા કરાવવી એજ ધર્મ અથવા પરમાર્થ છે.
 क. નિરપરાધી માણસને બચાવવા સારૂ જૂઠું બોલવું પડે એવા પ્રસંગતો ક્વચિતજ આવે. એ નામર્દાઇનો તો રસ્તો છે. ખરા ધર્માત્મા પુરૂષો એમ કરતા નથી.

૪. ઉપસંહાર તથા બોધ.
 अ. આ લોકમાં અને પરલોકમાં સત્યથીજ ફાયદો થાયછે.
 ब. આત્માને મહા સંતોષ વળેછે, અને પરમેશ્વર રાજી થાયછે.
 क. માટે કદી જૂઠું બોલવાનું નીચ કર્મ કરવું નહિ. મશ્કરીમાં જૂઠું બોલી આપણી જીભને અપવિત્ર કરવી નહિ.

૯. સભ્યતા.

૧. વ્યાખ્યા—આપણા સંબંધમાં જે જે લોક આવે તેને યોગ્ય માન આપી તેનાં મન પ્રસન્ન કરવાની જે કળા તેને સભ્યતા કહેછે.

૨. સંસારમાં એ ગુણતો અવશ્યનો છે.

अ. જૂદી જૂદી પ્રકૃતિ તથા રીતભાતના માણુસો મરજીમાં આવે તેમ બોલે ચાલે તો બે ઘડી પણ જોડે રહી શકે નહિ. જંગલી જનાવરોની પેઠે સઘળાને એક બીજાથી છૂટાંજ રહેવું પડે.

ब. સભ્યતા શબ્દની વ્યુત્પત્તિ.

૩. સભ્યતા બતાવવાની જૂદી જૂદી રીતો.

अ. ઉપરી સાથે સભ્યતા રાખવાની રીત.

ब. બરોબરીઆ સાથે. „

क. ઉતરતા સાથે. „

ड. સઘળાની સાથે સભ્યતા રાખી શકાય છે, અને તે રાખવીજ જોઇએ.

૪. સભ્યતામાં અસત્ય જેવું લાગે પણ તે અસત્ય નથી, કેમકે

अ. સભ્યતાના બોલનો ખરો ભાવ શોછે તે બધા સમજેછે.

ब. કોઇને માટે આપણા મનમાં નઠારા વિચાર હોય પણ તે કાંઇ જાહેર કરવાને આપણે હમેશાં બંધાએલા નથી.

क. કોઇને માઠું ન લાગે એમ ધારી પોતાના વિચાર અથવા લાગણીને દાબી રાખવી એ અસત્ય નથી, પણ કોમળ પરોપકારી સ્વભાવની નિશાની છે.

૫. સભ્યતા બે પ્રકારની થાયછે.

अ. સાચી સભ્યતા માયાળુપણામાંથી ઉત્પન્ન થાયછે, અને તે ખાનદાનવાળા માણુસોનું ખાસ લક્ષણ છે.

ब. જૂઠી સભ્યતા મતલબી તથા નીચ માણુસોમાં હોયછે, અને તે ઝટ ઓળખાઈ આવેછે.

क. સાચી સભ્યતાવાળા માણુસ ઉંચ, નીચ, કે બરોબરીયા સઘળાની સમાન પ્રીતિ મેળવેછે. જૂઠી સભ્યતા-

વાળા નીચની સાથે જુલમી, બરોબરીઆ સાથે અભિમાની કે પતરાજી, અને ઉપરી સાથે તુચ્છ ખુશામતીયા હોય છે.

૬. સભ્યતાના ફાયદા.

अ. પોતાનો વખત સલાહ સંપ તથા આનંદમાં જાયછે.

ब. ઘણા માણસોની સાથે મોહોબત થાયછે, અને તેથી જ્યારે જોઇએ ત્યારે મદદ મળતાં વાર લાગતી નથી.

क. દુનિયામાં તે માણસની લાયકી તથા મોટાઇ જણાયછે.

ड. કોઇનું માન ખંડન ન કરતાં તેને રાજી કરવો એ ખરેખરો અને બધાથી બની શકે એવો પરોપકાર છે.

૭. ઉપસંહાર તથા બોધ.

૧૦. પરહેજગારી.

૧. વ્યાખ્યા. પરહેજગારીનો મૂળ અર્થ તો એવોછે કે ખાવા પીવા વગેરેમાં એવું તપાસીને ચાલવું કે પોતાની તનદુરસ્તી બિગડે નહિ, પણ સાધારણ કોઇ જાતની કેફ ન કરવી તેને પરહેજગારી કહેછે.

૨. જૂદી જૂદી કેફની હકીકત.

૩. કેફથી થતા ગેરફાયદા.

अ. શરીર ખરાબ થાયછે, અને વખતે મરણ પણ નીપજેછે.

ब. બુદ્ધિ તથા નીતિ બગડી જાયછે.

क. કામ ધંધો થતો નથી, પૈસે ટકે ખરાબ થાયછે, અને દુનિયામાં તુચ્છછે.

ड. એ એક જાતની આત્માઘાત અને તેથી મહા પાપ છે.

૪. દારૂનું વ્યસન સૌથી નઠારૂં છે. હાલ લોકોમાં તે વધવા માંડ્યુંછે તેનાં કારણ, તેથી થતી ખરાબી, અને તે દૂર કરવાના ઉપાય.

૫. ઉપસંહાર તથા બોધ.

૧૧. અકબર તથા ઔરંગજેબનો મુકાબલો.

૧. એ બંને કોણ હતા, ક્યારે થઈ ગયા અને શા માટે પ્રખ્યાત છે ?

૨. બંનેના સરખા ગુણ.

अ. શૌર્ય, પરાક્રમ વગેરે દાખલા સહિત.

ब. બુદ્ધિ તથા રાજકારભાર કરવાની શક્તિ.

क. ઇનસાફ.

૩. બંનેના ઉલટા ગુણ.

अ. અકબર ઉદાર તથા દયાળુ હતો, અને ઔરંગજેબ સ્વાર્થી, કપટી, તથા નિર્દય હતો. દાખલા.

ब. અકબર સમદૃષ્ટિવાળો હતો, અને ઔરંગજેબ હિંદુ પ્રજા ઉપર બહુજ જુલમ કરતો.

૪. એ ગુણોનાં પરિણામઃ—

अ. અકબરે નહિ જેવા મુલકને વધારી મોટું રાજ સ્થાપન કર્યું રૈયતનો અપાર પ્રેમ મેળવ્યો, અને દુનિયામાં એક મોટો ને ડાહ્યો પાદશાહ કહેવાઇ ગયો.

ब. ઔરંગજેબના પરાક્રમ તથા બુદ્ધિબળને લીધે કેટલુંક રાજ વધ્યું અને તે ટકી રહ્યું, તો પણ એનાજ અમલમાં મરેઠાનો ઉદય થયો, હિંદુ પ્રજાના મનમાં હાડવેર વધ્યું, અને એ મૂવો કે તુર્તજ મોગલ પાદશાહીના કડકે કડકા થઈ તેનો જલદીથી લય થયો.

क. અકબર સલાહસંપ ને આનંદમાં મરણ પામ્યો, અને ઔરંગજેબની આખી જિંદગી ફિકરમાં ને ફિકરમાં ગઈ, સઘળાથી ચોંકયા ને ચોંકયા રહેવું પડતું હતું, વૃદ્ધાવસ્થામાં મહા પશ્ચાત્તાપ અને દુઃખ થયું, અને મરતી વેળા એણે પોતાની આંખે જોયું કે મારી ખોટી રાજનીતિથી મુગલાઇનો જલદી અંત આવવાનો.

૫. ઉપસંહાર તથા સાર.

अ. અકબરે બીજાને પ્રેમથી વશ કરવાનો નિયમ રાખ્યો હતો તેજ ખરો ઠરેછે. ઔરંગજેબની ખંધાઈ તથા નિર્દયતાથી ઉલટું ફળ થયું.

ब. સત્ય એજ સુખનો માર્ગ છે. એથીજ આ લોકમાં, ને પરલોકમાં કલ્યાણ થાયછે, આડે રસ્તે ચાલી સુખની આશા રાખવી એ મૂર્ખાઈ છે.

---

૧૨. વાંચવાનો શોખ.

૧. વ્યાખ્યા. ફુરસદના વખતમાં મઝાને સારૂં જેને કાંઈપણ વાંચવાની ટેવ હોય તેને વાંચવાનો શોખ છે એમ કહેવાય છે,

૨. એ શોખ કેળવાએલા અને ઉંચમનના માણસોમાં જ હોય છે.

अ. મૂર્ખ અને નીચ માણસો કેવી રીતે ગમત કરે છે તેનું વર્ણન,

ब. વાંચવાથી જે આનંદ મળેછે તેની બરાબરી કોઈથી પણ થઈ શકતી નથી. એ આનંદ ઘણો, જ્યારે જોઇએ ત્યારે મળે એવો, મનને નિર્મળ અને પ્રફુલ્લિત કરનાર, તથા બધી રીતે ફાયદાકારક છે.

૩. વાંચવાથી થતા ફાયદા.

अ. જ્ઞાનમાં વધારો થાયછે.

ब. બુદ્ધિ કેળવાય છે.

क. દુનિયામાં મોટા મોટા પુરૂષો જે થઈ ગયા છે તેમના સમાગમનો જ્યારે જોઇએ ત્યારે લાભ મળેછે.

ड. એ રીતે વાંચવાની ટેવ રાખવાથીજ વિદ્વાન થવાયછે. શાળાના અભ્યાસ વડેજ કોઈ પણ વિદ્વાન થયો નથી.

૪. સાર. વાંચવાનો શોખ રાખવો અને જિંદગી પર્યંત ખાનગી વિદ્યાભ્યાસ કરવાની ટેવ રાખવી.

૧૩. હિંદુ સ્ત્રીઓની સ્થિતિ.

૧. તેની સંસારસ્થિતિ મહા દુઃખદાયક છે.
  अ. જન્મે ત્યાંથી તે મરે ત્યાં સુધી તુચ્છ ગણાય.
  ब. તેની ઉપર થતા જુલમ સાસુ નણંદનાં દુઃખ.
  क. એની છેક ગુલામી હાલત. જનાનો.

૨. સ્ત્રીઓનું અભણપણું તથા તેના માઠા પરિણામ.
  अ. વ્યવહારી કામમાં પુરૂષને કાંઈ મદદ કરી શકતી નથી.
  ब. બાળકને કેળવવામાં બરાબર કામ લાગતી નથી, અને તેથી દેશને થતાં નુકશાનો.
  क. ખરા ધર્મનું અજ્ઞાન, વહેમ, તથા ફુવડતા, તેથી નીપજતા અનાચાર તથા ખરાબીઓ.
  ड. તેથી તે સઘળા સુધારાની સામે આવે છે.

૩. સ્ત્રી જાત સ્વાભાવિક રીતે તો પ્રેમાળ, પવિત્ર, અને ચપળ બુદ્ધિની છે. સંસારમાં સુખ તથા સદ્‌ગુણની વૃદ્ધિ કરવાજ ઇશ્વરે તેને સર્જિ છે. અજ્ઞાન તથા ગુલામગીરીથીજ વણસેછે.

૪. એને સુધરવાના ઉપાય. યોગ્ય કેળવણી તથા યોગ્ય છૂટ.

---

૧૪. પોશાક.

૧. પોશાક પહેરવાની મતલબઃ—૧ શરીરનું રક્ષણ. ૨. મર્યાદા જાળવવી. ૩. શોભીતાં દેખાવું. ૪. દેશરૂઢિને અનુસરવું.

૨. જૂદી જૂદી જાતના પોશાકનું વર્ણન અને તેના ગુણદોષ.
  अ. જૂદા જૂદા દેશના પોશાક.
  ब. આપણા દેશમાં વપરાતા જૂદી જૂદી જાતના પોશાક.

૩. પોશાકનો ઇતિહાસ, એટલે, અસલથી આજસુધીમાં પોશાકમાં જે જે ફેરફાર થતો આવ્યો હોય તેનું વર્ણન.

૪. સામાન્ય વિચાર.

અ. પોશાક પહેરવાની મૂળ મતલબ કદી વીસરવી નહિ.

બ. છેક વિલક્ષણતા ન કરવી, પણ શરીરને અનુસરતો પોશાક પહેરવો.

ક. સુઘડતા તથા પ્રતિષ્ઠિતપણું પોશાકમાં રાખવું, પણ છેલાઈ કરવી નહિ.

ડ. સદ્‌ગુણ સમાન શોભા આપનાર કોઇપણ વસ્ત્રાભૂષણ નથી અને તેથી પોશાક ઉપર ક્યારે પણ વિશેષ લક્ષ આપવું નહિ. તેમ કર્યાથી હલકું મન જણાયછે.

---

૧૫. ઇંગ્રેજી તથા સંસ્કૃત ભાષા ભણવાના ફાયદા.

૧. ઇંગ્રેજી ભણવાના ફાયદા.

અ. એ આપણા રાજકર્તાની ભાષાછે. મોટી કોરટો તથા કચેરીમાં ઇંગ્રેજી ભાષા ચાલેછે. સરકાર કાયદા પણ ઇંગ્રેજીમાંજ કરેછે. સરકારને અર્જિઓ પણ ઇંગ્રેજીમાંજ કરવી જોઇએ. મોટા અમલદારોને મળવું હોય તો પણ ઇંગ્રેજીનો ખપ પડે. મોટા વેપારીઓ પણ ઇંગ્રેજોજ હોયછે. માટે સારી નોકરી લેવી હોય, વેપાર કરવો હોય, કે સરકારમાં દાદને પહોંચવું હોય, તો ઇંગ્રેજી ભાષાની જરૂર પડે.

બ. એ ઘણી ખેડાએલી ભાષા છે. વિદ્યાકળાનાં પુસ્તકો એમાં ઘણાં છે. આજપર્યંત મનુષ્યજાતે જે જ્ઞાનનો સંગ્રહ કર્યોછે તે મેળવવાને સારૂ ફ્રેંચ, જર્મન, કે ઇંગ્રેજી એ ત્રણમાંની એક ભાષા અવશ્ય ભણવી જોઇએ.

૨. સંસ્કૃત ભણવાના ફાયદા.

અ. પ્રાકૃતભાષાઓનું યથાર્થ જ્ઞાન એ વિના મળી શકતું નથી.

બ. હિંદુઓના ધર્મ તથા વિદ્યાના સઘળા ગ્રંથો સંસ્કૃતમાંજ લખેલા છે.

क. હિંદુઓની પ્રાચીન સ્થિતિ માલમ પડે.
ड. ભાષાશાસ્ત્ર શીખનારને તો અવશ્યની છે.

૩. મુકાબલો.

अ. જો બેમાંથી એકજ ભણાઈ શકે એમ હોય તો ઇંગ્રેજી ભણવી, કેમકે એથી સંસારી ફાયદો વધારે થાય એટલુંજ નહિ પણ આપણા દેશમાં જે વિદ્યાકળાની ખામીછે તે સંસ્કૃત ભણ્યાથી પૂરી પડે નહિ.

ब. જો એ બેમાંથી એકે પૂરી ભણાઈ શકાતી ન હોય. તો તો સંસ્કૃત ભણવી, કેમકે પુસ્તકો સમજવા જેટલું ઇંગ્રેજી નહિ આવડે ત્યાં સુધી જ્ઞાનમાં કાંઈ વધારો કરી શકાશે નહિ, અને સંસ્કૃત તો થોડું પણ આવડતું હશે તો તેથી દેશી ભાષાનું જ્ઞાન સારૂં થશે.

क. સારૂં તો એજછે કે ગુજરાતીની સાથે એ બંને ભાષા ભણવી, એમ કર્યા વિના કોઇને વિદ્વાન કહી શકાય નહિ.

૧૯. ઇંગ્રેજી રાજના ફાયદા.

૧. દેશમાં શાંતિ સ્થાપન કરી તે.

अ. ઇંગ્રેજોનું રાજ થયું તે વેળા દેશમાં કેવી અવ્યવસ્થા ચાલતી હતી તેનું ટુંકામાં વર્ણન.

ब. હાલ કેવી શાંતિ આખા ભરતખંડમાં ચાલે છે તેનું કાંઇક ટુંકામાં વર્ણન.

क આવી શાંતિ આ દેશમાં પહેલાં કોઇ વેળાપણ નહોતી.

૨. દેશનો બંદોબસ્તઃ—

अ ગુનેહગારોને અચૂક શિક્ષા થાયછે. ને સઘળાને નિષ્પક્ષપાતપણે ઇનસાફ મળેછે. તેથી ગુનાઓ બહુજ ઓછા થઈ ગયા છે.

ब આજથી સો વર્ષ ઉપર માણસોનાં જાનમાલ કેવી દ-

હેશતમાં રહેતાં હતાં અને હાલ માણસો કેવી નિરાંતે મરજી માં આવે ત્યાં ફરી હરી શકેછે તેનું કાંઈક વિગતવાર વર્ણન.

अ કોઈ પણ ખાતામાં હાલ અંધેર ચાલી શકાતું નથી, કેમકે દેખરેખની ગોઠવણ જબરીછે.

૩. શાંતિ અને સારા બંદોબસ્તથી ઉદ્યમ તથા વેપારનો વધારો.

૪. આ જમાનાના સૌથી સુધરેલા લોકનો આપણે સમાગમ થવાથી વિદ્યાકળાની બાબતમાં ફાયદો. આગગાડી, તાર, નેહેરો, ટપાલખાતું, વહાણો, આગબોટો, વગેરેનો લાભ તો સઘળાનેજ મળેછે.

૫. ઇંગ્રેજ સરકારની માફક કોઇએ પણ કેળવણીખાતું કાઢ્યું નહોતું. એના બેહદ ફાયદા, સુધારાનો ઉદય, અને દેશના જિર્ણોદ્ધારની કાંઇક આશા.

૬. પૂર્વપક્ષ, તેનું સમાધાન. અને છેવટ.

अ મોટા ઓધાઓ દેશીને મળતા નથી, દોલત પરદેશ જાય છે, હિંદુસ્તાનના લાભ ઉપર બરાબર લક્ષ અપાતું નથી, વગેરે હરકતો કેટલાક બતાવે છે તે કેટલેક દરજ્જે ખરી છે. પણ તેના કાયદેસર ઉપાયો ખંતથી કર્યા હોય તો એ દુઃખ ઘણું કરીને ટળી શકે એવાં છે,

ब તેમ ન હોય, તો પણ અલાભના સામા લાભનો વિચાર કરવો જોઇએ. ખોટું દેશાભિમાન દેશદ્રોહની બરાબરછે. એ રાજ ન હોય તો ગામે ગામ પાછી મારામારી ને કાપાકાપી ચાલે, વેપાર રોજગાર બંધ પડી જાય, અને સુધારાનું તો મૂળજ ઉખડી જાય.

क માટે આ રાજ સલામત રહે એમ આપણે ઈચ્છવું, અને તે આપ્યુંછે માટે પરમેશ્વરનો પાડ માનવો. વેપાર કરવાને આવેલા પોતાની મરજી વિરૂદ્ધ રાજા થઈ પડ્યા

એ થોડો ચમત્કારછે! એજ પરમેશ્વરનો અગમ્ય ખેલ દર્શાવેછે. એ રાજ ભરતખંડના જિર્ણોદ્ધારને માટેજ ઇશ્વરે મોકલ્યું છે. માટે તે ઘણાકાળ રહો અને ભરતખંડ પાછો હતો તેવો થાઓ.

---

૧૭. ખાનગી વિદ્યાભ્યાસ.

૧. વ્યાખ્યા અને તે કરવાની જરૂર.

अ. આ સંસારમાં જેટલા જ્ઞાનની જરૂર છે તે બધું નિશાળ કે શાળામાં કદી આપી શકાય નહિ. જ્ઞાન પોતાની મેળે મેળવવાને શક્તિમાન કરવા એજ શાળાની કેળવણીનો હેતુ છે.

ब. શાળાની કેળવણીથી કોઇપણ પંડિત થયો નથી. તે બધા ખાનગી અભ્યાસથીજ ખબરદાર થયા હતા.

क. નિશાળમાં થોડું ભણેલા પણ પાછળથી ખાનગી અભ્યાસ કરવાથી મોટા નામાંકિત થઈ ગયાછે તેના દાખલા.

૨. એ અભ્યાસ કરવાની રીત.

अ. પાંચ મિનિટ પણ નકામી જવા દેવી નહિ. એને નિશાળીઆની પેઠે સામટો વખત કદી મળવાનોજ નથી, તેથી વચગાળે વચગાળે જે ફુરસદ મળે તેનો ઉપયોગ કરતાં શીખવું જોઇએ. એટલા થોડા વખતમાં શું થાય એમ કદી એણે સમજવું નહિ.

ब. સંસારી કામોનું તથા વાંચવા લખવાનું તેણે વખતપત્રક કરવું, અને તે પ્રમાણે ચાલવાની મહેનત કરવી. જરૂર પડે તો દરરોજને માટે જૂદું જૂદું કરવું.

क. પોતાને જે વિષયો બહુ ગમતા હોય અથવા પોતાના ધંધામાં આગળ ખપ લાગે એવા હોય તેનો અભ્યાસ કરવો. કયા ગ્રંથો વાંચવા તેને માટે કોઈ ડાહ્યા વિદ્વાનની સલાહ લેવી.

ड. જે વાંચવું તે સમજીને વાંચવું, તેની નોંધ કાઢતા

રહેવું, અને પોતાની જાતે તે વિષે વિચાર કરવો.

ઈ. પોતા કરતાં વધારે ભણેલાની સોબત રાખવી, અને આળસુ તથા મોજી માણસોથી દૂર રહેવું.

૩. છેવટ.

અ. હરકતો નડશે, ધાર્યા પ્રમાણે હમેશાં નહિ વંચાય, તોપણ કંટાળી જવું નહિ. દરરોજ થોડો થોડો ઉદ્યોગ જારીજ રાખવો.

બ. "કાંકરે કાંકરે પાળ બંધાય" છે એ કદી ભૂલવું નહિ.

---

૧૮ જ્ઞાતિભેદ.

૧. મૂળ જ્ઞાતિઓ કર્મ ઉપરથી બંધાએલી છે, જન્મ ઉપરથી નહિ.

અ. તેના દાખલા તથા પ્રમાણ.

બ. જ્ઞાતિ શબ્દની વ્યુત્પતિ.

૨. જૂદી જૂદી કેળવણીના, બુદ્ધિના, સ્થિતિના, તથા ધંધાના લોકો પોતાનાજ વર્ગ સાથે ઘણો સંબંધ રાખે એ સ્વાભાવિક છે. તેના દાખલા.

૩. ઊંચ લોક પોતાના આચાર વિચાર સંભાળી રાખવાને માટે નીચ સાથે થોડો વ્યવહાર રાખે એ પણ સ્વાભાવિક છે, પરંતુ હાલ તો આપણામાં જ્ઞાતિભેદ એવી રીતનો ચાલેછે કે ઊંચ નીચ એક બીજાના હમેશના સાથીઓ થાય તો કાંઇપણ હરકત નહિ. કોઇના હાથનું ખાવા પીવાથી વટલાય એ વિચારજ ગાંડોછે—સોબત કરવાથી તો આચાર વિચાર બગડે ખરા. અસલ હિંદુસ્તાનમાં એવો જ્ઞાતિભેદ નહોતો.

૪. હાલ આપણામાં જે જ્ઞાતિભેદ ચાલેછે તે તો અસ્વાભાવિક, ગાંડો અને બહુજ નુકસાન કર્તાછે—એનું ધોરણ કેવળ જન્મ ઉપરજ છે. કર્મ ઉપર નથી.

૫. જન્મ પ્રમાણે જ્ઞાતિભેદ રાખવાના ગેરફાયદા.

अ ઊચ માણસોને ખરેખરા નીચ, પણ કહેવાતા ઊચની સાથે બધો સંબંધ રાખવો પડેછે; અને જે ખરેખરા ઊચછે પણ કહેવામાં નીચ છે તેનાથી દૂર રહેવું પડેછે. તેથી થતી ખરાબી દાખલા સાથે.

ब પ્રત્યેક માણસની સ્વાધીનતા ઓછી થાયછે અને ઘટતા સુધારા કોઇથી થઇ શકતા નથી. સ્વાભાવિક જ્ઞાતિભેદ હોય તો એમ થાય નહિ. પણ હાલ તો સઘળી નાતોમાં ઘણા જણ મૂર્ખને નીચ બુદ્ધિના હોયછે. તેથી તેઓ સુધારાના કે દેશહિતના સઘળા કાર્યમાં શત્રુની પેઠે નડેછે.

क જુદી જુદી જ્ઞાતો હોવાથી લોકમાં પરસ્પર વૈર વધેછે, નજર ટુંકી થઈ જાય છે, અને દેશાભિમાનનો લાંબો વિચાર કોઈનામાં આવતોજ નથી.

ड માણસો પોતાની બુદ્ધિને અનુસરતો ધંધો કરતાં આચકો ખાયછે, અને તેથી કોઇનું કામ સારૂ થતું નથી. દાખલા.

૬. ઉપસંહાર તથા યોગ્ય બોધ.

૧૯ વર્ષાઋતુ.

૧. વરસાદ આવવા માંડ્યા પહેલાનો દેખાવ, ઘામ, પવનનું ફરવું, વાદળાનું આવવું, વગેરે.

૨. ઝાપટું, વીજળી, ગડગડાટ, મેઘધનુષ્ય, અંધકાર, સરવડાં, હેલી.

૩. વરસાદની કુદરત ઉપર અસરઃ—

अ નદી સરોવરોનાં પૂર.

ब વનસ્પતિનું પુષ્કળ ઉગવું.

क પ્રાણી માત્રને આનંદ.

૨૦ વરસાદ અને તેનાં કારણો.

૧. જૂદા જૂદા દેશમાં કેવી રીતનો વરસાદ થાયછે તે.

અ વૃષ્ટિ પ્રદેશોનું વર્ણન.

બ વૃષ્ટિ કેટલી, ક્યારે, કેવી રીતે થાયછે વગેરે.

૨. મોસમના વરસાદની વિશેષ હકીકત.

૩. વરસાદનાં સામાન્ય કારણો સમજાવવાં.

૪. જૂદી જૂદી જાતની વૃષ્ટિ થાયછે તેનાં વિશેષ કારણો હિંદુસ્તાનમાં નિયમિત વખતે વરસાદ આવેછે એ વાત તો વિસ્તારથી સમજાવવી.

૫. છેવટ.

અ વરસાદથી થતા ફાયદા.

બ પરમેશ્વરનું અગાધ ડહાપણ–વાદળાં એ કેવો ઉદકવાહી યંત્ર છે !

---

૨૧ વિદ્યા.

૧. વ્યુત્પત્તિ તથા વ્યાખ્યા. મનુષ્ય જાતે આજ પર્યંત જે જ્ઞાનનો સંગ્રહ કર્યો છે તેને વિદ્યા કહેછે. આ વાત કાંઈક વિસ્તારથી સમજાવવી. જેમ જેમ જમાના જાય છે તેમ તેમ દુનિયાનું ડહાપણ વધતું જાયછે.

૨. વિદ્યાના ફાયદા.

અ જ્ઞાન એ એક મોટી શક્તિછે. એ કાંઈક વિસ્તારથી સમજાવવું.

બ વિદ્યાભ્યાસથી મનની શક્તિઓને કસરત મળેછે, અને તેથી આ લોક તથા પરલોક સંબંધીનાં સઘળાં કામ કરવાને માણસ વધારે શક્તિમાન થાયછે.

ક વિદ્યાથી ઊંચા પ્રકારનો આનંદ મળેછે. વિનોદને અર્થે તુચ્છ વસ્તુ કે તુચ્છ માણસોની સોબત કરવાની જરૂર વિદ્યાવંતને પડતી નથી, વિદ્યાનંદ એ સર્વોપરી આ-

નંદછે, પણ બધા માણસ તેને પાત્ર હોતા નથી.

ड વિદ્વાન માણસ જે કામમાં પડે તે સારૂં કરે. ભણવું એ નોકરીને માટે છે એમ સમજવું એ ખોટુંછે. તેથી થતા હાલ ગેરફાયદા. ભણીને જ્યારે માણસો જૂદે જૂદે ધંધે લાગશે ત્યારેજ આપણા દેશની આબાદી થશે.

૩. ઉપસંહાર તથા છેવટ.

अ યથાશક્તિ બધાએ ભણવું જોઇએ.

ब નિશાળ છોડી કે ભણી રહ્યા એમ સમજવું નહિ, ખાનગી અભ્યાસ થોડો ઘણો કર્યાજ કરવો.

क વિદ્યાથી દરેક માણસની ચડતી થાયછેજ, તોપણ યાદ રાખવું કે પૈસો મેળવવો એજ ભણવાનો હેતુ નથી. એથી સઘળાં સુખ મળેછે. માટે સદાચરણે ચાલી દેશની સેવા બજાવવી, પોતાનું ભણ્યું સફળ કરવું.

---

૭૨. "જ્ઞાન એ એક શક્તિ છે."

૧. આ લાર્ડ બેકનનું એક સૂત્ર છે અને તેમાં ઘણો અર્થ સમાએલો છે.

૨. જ્ઞાન શબ્દની વ્યુત્પત્તિ તથા અર્થ. કોઇ પણ પદાર્થ વિષે કાંઇપણ જાણવું તેનું નામ જ્ઞાન. સૃષ્ટિના નિયમો જાણવા.

૩. કાંઇપણ સુખ પ્રાપ્ત કરવાને જ્ઞાન અને ઉદ્યોગ બંનેની જરૂર પડેછે.

अ એના દાખલા સાધારણ કામકાજના.

ब જ્ઞાનનો કાંઈ પાર નથી. તેથી જ્ઞાન જેમ સામાન્ય એટલે નિયમરૂપે હોય તેમ વધારે સારૂ સૃષ્ટિના નિયમોનું જે જ્ઞાન તેજ વિદ્યા.વિદ્યાની જરૂર વિશેષે કરી દ્રવ્યોત્પત્તિના કામમાં દાખલા આપી સમજાવવી. વિશેષજ્ઞાન પણ જરૂરનું છે.

क જ્ઞાનમાં જેમ વધારો થતો જાયછે, તેમ માણસના સુખ તથા વૈભવમાં વધારો થતો જાયછે. દાખલા.

ड જંગલી અને સુધરેલી હાલતનાં ચિત્ર આપી દેખાડવું કે જ્ઞાન અથવા વિદ્યાથી માણસના સુખમાં કેટલો ફેર પડે છે. જ્ઞાને જંગતનો દેખાવજ બદલી નાંખ્યો છે.

૪. ઉપસંહાર, ને બોધ.

अ સામાન્ય કે વિશેષ જ્ઞાન મેળવતાજ રહેવું જોઇએ.

ब તેનો તે વખતે કાંઇ ઉપયોગ ન જણાય, તો પણ આખરે ફાયદોજ થાય, જ્ઞાનવિના તો માણસ પશુ જેવોછે.

---

૨૩. ભરતખંડ પરતંત્રતામાં પડ્યો તેનાં કારણો.

૧. દુનિઆમાં ઘણાખરા દેશો સ્વતંત્ર છે. એક ભરતખંડજ હજાર વર્ષ થયાં પરતંત્ર છે, તો એનાં કારણો તપાસ કરવા યોગ્ય છે.

૨. મુસલમાનોના હુમલા થવા લાગ્યા તે વેળાએ હિંદુસ્તાનના રાજ્યોની સ્થિતિ કેવી હતી તેનું વર્ણન.

अ દેશ મોટો અને રાજ ઘણાં. ચક્રવર્ત્તિ રાજા ભરતખંડમાં કોઈ વેળા થતા, તોપણ આખા દેશના ઘણા કડકા પડી ગએલાજ હમેશાં રહેતા. તેઓમાં સ્વાભાવિકપણેજ ઘણી વખત તો અદેખાઈ ને કુસંપ ચાલતો.

ब એ નાનાં નાનાં રાજ્યો માંહો માંહે લડી નબળાં પડી ગયાં હતાં. પરદેશીના હુમલા વખત પણ જોઇએ તેવો સંપ કરી શક્યા નહિ. દાખલા.

क રાજાઓ આપ અખ્તિઆરી, એસારામમાં ગરક, ને મહા જુલમગાર હોવાથી લોકોની પ્રીતિ તેમના ઉપર હતી નહિ.

૩. ધર્મ, નીતિ, વિદ્યા, વગેરે સઘળી બાબતોમાં આ વેળા દેશની પડતીજ હતી, અને તેના પરિણામમાંજ તે મુસલમાનને હાથ ગયો. સ્વતંત્રતાની સમજ જતી રહી હતી. તેનાં કારણો.

अ ફળદ્રુપ દેશ ને સારા વેપારને લીધે લોકો શ્રીમંત થઈ ગયા હતા, અને તેથી વૈભવ તથા આળસનું જોર બહુ વધી પડયું હતું.

ब જ્ઞાતિભેદને લીધે રજપૂત સિવાયના બીજા લોકોએ તો લડવાનું કામજ છોડી દીધું હતું. તેથી તેઓ યુદ્ધકળામાં કેવળ અજ્ઞાન અને અલડાયક થઈ ગયા હતા.

क જૈનમાર્ગને લીધે યુદ્ધ કરવામાં પાપ છે અને વેપાર કરવો એજ ઉત્તમ, એવી ઊંધી સમજ ઘણા લોકોની થઈ ગઈ હતી,

ड જ્ઞાતિભેદ તથા જૂદા જૂદા પંથોના કારણથી "આ આપણો દેશ ને આપણે સઘળા ભાઇઓ છઇએ" એવું કોઈના પણ સમજવામાં આવતું નહિ. માંહો માંહે વેર, ને અદેખાઈ.

इ જે રાજા થાય તે ખરો એમ રજપૂતો સિવાય બીજી વર્ણના લોક સમજતા. તેમણે કોઈ પણ વેળા હથીઆર બાંધીને પોતાના રાજનું રક્ષણ કર્યું હોય એમ ઇતિહાસ ઉપરથી જણાતું નથી. 'વાલંટિયર' થવાની (વગર પગારે ખૂશીથી દેશને ખાતર લડવા જવાની.) આપણા દેશમાં રીતજ નહોતી. યુરોપમાં એ બાબત કેવો ચાલ છે ?

फ રજપૂતો પણ નીમકહલાલીમાં સમજતા તેટલું દેશભક્તિ કે રાજભક્તિમાં પણ સમજતા નહિ. એજ કારણથી રજપૂતો જલદી પાદશાહી નોકરીમાં રહ્યા, અને તેની તર્ફથી પોતાના જાત ભાઇઓના સામા લડવા જતાં જરા પણ આચકો ખાધો નહિ,

૪. દેશભક્તિ, શૌર્ય, સંપ, ઉદ્યોગ, ખંત અસ્વાર્થીપણું વગેરે સદ્દગુણો હોય ત્યાં સુધીજ કોઈ પ્રજા સ્વતંત્ર રહી

શકેછે. આપણામાંથી તે જતાં રહેવાથી આપણે પરતંત્રતાને પાત્રજ થઈ રહ્યા હતા. મુસલમાનો તો માત્રનિમિત્ત રૂપ હતા. મરેઠાઓએ સ્વતંત્ર રાજ સ્થાપવાને મહેનત કરી, પણ ઉપર કહેલા દુર્ગુણ તથા અજ્ઞાનને લીધે શક્તિમાન થયા નહિ. એનો કાંઈક વિગતવાર હેવાલ.

૫. ઉપસંહાર તથા બોધ. માટે હાલ સ્વતંત્રતાનો વિચાર આઘો મૂકી ઉપર કહેલા ઊંચા સદ્દગુણો પાછા દેશીઓમાં આણવા તરફ્જ આપણે મેહેનત કરવી જોઇએ.

---

૨૪. દેશી કારીગરી.

૧. હિંદુસ્તાનમાં પહેલાં કેવા કારીગરીઓ તથા દોલત હતી તેનું વર્ણન.

૨. હાલ કારીગરોની તથા દેશની સ્થિતિ.

૩. તેના કારણો:—

અ આપણામાં વિદ્યાકળાનો સુધારો બંધ પડ્યો.

બ યૂરોપની કારીગરીમાં સુધારો, વરાળયંત્રની મદદ, એ લોકની મહેનત, ખંત, સાહસ, તથા ચતુરાઇ.

ક સુધારાની સામા આપણે ટકી શક્યા નહિ, એ સ્વાભાવિકજ છે. સોંઘો ને સારો માલ હોય તેજ ખપે.

ડ આપણા કારીગરોમાં આળસ, અજ્ઞાન, અદેખાઈ તથા નિર્ધનતા વધી પડવાથી, હતી તે પણ વિદ્યાકળાઓ ઓછી થઈ ગઈ.

૪. દેશી કારીગરી સુધારવાનો એજ રસ્તો છે કે સુધરેલાં ઓજારો, યંત્રો, તથા રીતિઓ દેશમાં દાખલ થાય એમ કરવું. તેના ઉપાય.

અ કારીગરોને, વિદ્વાનોને, તથા મૂડીવાળાઓને જગાડવા.

બ હુનરી વિદ્યા વધે તેમ કરવું. હુનરી ગ્રંથો, પ્રયોગ યુક્ત ભાષણ, યુરોપમાં કેટલાકને હુનર શીખવા મોકલવા, તે-

મની પાસે નવા હુનરની શાળાઓ કઢાવવી, વગેરે.

क પરદેશી માલ ઉપરનો મોહ ઓછો કરાવવો.

ड વિલાયતી હુનરથી માલ કેવો સોંઘો પડી શકેછે તેનો વિગતવાર હિસાબ મૂડીવાળાઓના જાણવામાં આવે એમ કરવું.

इ અમીરોએ કે ધનાઢ્ય ગૃહસ્થોએ બીજાને દાખલો આપવા પોતેજ થોડાં હુનરી કારખાનાં કાઢવાં કે વેપારીઓની ખાત્રી થાયછે કે એ બની શકે એવુંછે અને એમાં ફાયદો મળે એમછે. એવી ખાત્રી વિના થોડાજ વેપારી પોતાના પૈસા જોખમમાં નાંખશે.

૫. ઉપસંહાર. કારીગરોની સ્થિતિ સુધારવાની ખરેખરી જરૂર છે, પણ અર્થવિદ્યાના નિયમો વિરૂદ્ધ બોલવા ચાલવાથી કાંઈ વળવાનું નથી. કારીગરી સુધારવી નહિ, ને બીજાનો વાંક કાઢવો, એ કેવળ મૂર્ખાઇછે. જે રસ્તે પડ્યા તેજ રસ્તે પાછા ચડી શકીશું. માટે એ તરફ સઘળા દેશીઓએ ગંભિરાઈથી પોતાનું ચિત્ત લગાડવું એ તેમની આ સમે મોટી ફરજ છે.

---

૨૫. ધર્મદાન કરવાની રીતો.

૧. ધર્મદાનનો અર્થ અને તેની કાંઇક પ્રશંસા.

अ "દયા ધર્મકો મૂલ હૈ."

ब દયા એ ઈશ્વરી ગુણછે અને એની બરાબરીનો કોઇપણ સદ્‌ગુણ નથી.

क પણ ધર્મદાન પરમાર્થ ભાવે, સકમાઇમાંથી, વિચાર રાખીને, તથા સત્પાત્રને કર્યાં હોય તોજ તેનું પુણ્ય છે. નહિ તો ઉલટું પાપ થાયછે.

૨. પરમાર્થ ભાવના દાન વિષે સમજ.

अ જેની પાસેથી કાંઈ બદલામાં મળ્યું હોય અથવા મળ-

વાની આશા રાખતા હોઇએ તેને કાંઈ પણ આપવું એ ધર્મદાન કહેવાય નહિ. દાખલા.

ब આબરૂને સારૂ કાંઈ કરવું તે કીર્તિદાન કહેવાય, ધર્મદાન નહિ. એના દાખલા. તથા તેની બરાબર સમજ.

૩. સકમાઈમાંથી ધર્મદાન કરવાં

अ અધર્મની કમાઈ કરી તેમાંથી ધર્મદાન કરવાં એના જેવું બીજું પાપ નથી, કેમકે એ ધણી ઈશ્વરને પણ ઠગવા માગેછે. એ કરતાં સુમાર્ગે રહી કમાવું, અને ન બની શકે તો ધર્મદાન ન કરવાં એ વધારે સારૂંછે "એરણની ચોરી ને સોયનું દાન" કદી ન કરવું.

ब દેવાદારને રડાવી ધર્મમાં પૈસા ખરચવા એ પણ એવુંજ નઠારૂં છે.

क કુટુંબાદિકનું પાલન કરવું જોઇએ તે ન કરવું ને ધર્માત્મા થઈ ફરવું એ પણ વાજબી નથી.

ड કોઇનો પણ હક ખરાબ કર્યા વિના જે દાન કરી શકાય તેજ સકમાઇનુંજ દાન છે એમ સમજવું.

૪. જે કર્યાથી ઘણાં માણસને ઘણામાં ઘણું સુખ મળે તેને વિચારયુક્ત દાન કહીએ. જેમકે ગરીબોને સારૂ દવાખાનાં, નિશાળો, ઉદ્યોગ સ્થળો, ધર્મશાળાઓ, કૂવા, તળાવો, પૂલ, વગેરે, એ દાન શા માટે સારાં છે તે વિસ્તારથી સમજાવવું.

૫. પાત્રતાનો વિચાર.

अ આળસ અથવા દુર્ગુણને કદી પણ ઉત્તેજન આપવું નહિ.

ब જનહિતના કામમાંજ સદા રોકાએલા માણુસોને એટલે ધર્મનીતિ વગેરેનો બોધ કરનારને આપવું તે ઉત્તમદાન કહેવાયછે. પરંતુ એ માણુસો વેષધારી નહિ, પણ

ખરૂં જનહિત કરનારા હોય, તોજ તેને આપવામાં પુન્ય છે. નહિ તો આળસ તથા દુર્ગુણને ઉત્તેજન મળે.

૬. ભીખારીઓ હાલ કેટલા વધી ગયાછે, તેઓ કેવા કેવા વેષ ધારણ કરેછે, અને તેથી દેશને કેટલું નુકસાન થાય છે તેનું વર્ણન.

૭. ઉપસંહાર તથા બોધ. જો સમજીને પરમાર્થ દાવે કરવામાં આવે તો ધર્મદાનના જેવું કાંઈ નથી. સઘળાએ યથાશક્તિ કરવુંજ જોઇએ. એથી પરમેશ્વર રાજી થાય છે, અને દાન કરનારને સ્વર્ગમાં અખંડ સુખ મળે છે.

---

૨૯. જિવ દયા.

૧. જિવદયા એ માણુસનો મોટો ધર્મ છે. એનો અર્થ.

૨. કોઇ પણ પ્રાણીને નકામું દુખ દેવું એ મોટું પાપછે. પરમેશ્વરે દરેક પ્રાણીની રચના કેવી ચતુરાઈથી કરીછે. તેના દાખલા. એ ઉપરથી સાબીત થાયછે કે પરમેશ્વરે પ્રાણીઓના રક્ષણ તથા સુખને માટે માણુસ જેટલીજ ફિકર રાખીછે; માટે જે અન્ય માણુસ પ્રાણીઓને નકામું દુખ દેછે તે પરમેશ્વરની ધારણા વિરૂદ્ધ ચાલી મહા અપરાધી ઠરેછે.

૩. માણુસને પરમેશ્વરે બીજા પ્રાણીઓથી શ્રેષ્ઠ બનાવ્યુંછે માટે તે અધિકારનો એ ખોટો ઉપયોગ કરે એ બહુ નીચ અને કૃતઘ્ની કહેવાય.

अ અબળ ઉપર દયા રાખવી એજ સબળની શોભા છે.

ब જો પ્રાણીઓને હલકાં જાણી આપણે તેમના સુખ દુઃખને તુચ્છ સમજતા હોઇએ, તો જાણવું કે પરમેશ્વરની આગળ આપણે એથી પણ વધારે તુચ્છ છઇએ. જો આપણને તુચ્છ સમજી પરમેશ્વર આપણી ઉપર દયા

ન રાખે તો શી વલેહ થાય ! બીજા જિવને દુઃખ દેનારો માણસ શું મોં લઇને પરમેશ્વરની પ્રાર્થના કરી શકે ?

क પ્રાણીઓને દુઃખ દેવું એ નિર્દય સ્વભાવની નિશાની છે. "માખી મારે તે માણસ પણ મારે" એ કહેવત ભૂલવી નહિ.

ड આત્મ રક્ષણને માટે બીજા પ્રાણીઓને મારવા પડે તો મારવા એતો વાજબી છે, પરંતુ એવે પ્રસંગે પણ તેમને રીબાવી રીબાવીને નકામું દુઃખ દેવું નહિ.

૪. નાદાન લોકો પ્રાણીઓને કેવાં દુઃખ દેછે તેનું વર્ણન.

अ રમતગમતમાં મૂગાં પ્રાણીઓને દુઃખ દેવું.

ब પાળેલાં જનાવરોને ભૂખે મારવાં, ગજા ઉપરાંત કામ કરાવવું, વગેરેના દાખલા.

૫. ઉપસંહાર તથા બોધ.

---

૨૭ ઇંગ્રેજ લોકની ચડતી.

૧. ઇંગ્રેજોની પ્રાચીન તથા અર્વાચીન સ્થિતિનું કાંઈક વર્ણન.

૨. ઇંગ્રેજો કયા ગુણને લીધે આટલા સુધર્યા ? એમાંના થોડાક ગુણ દાખલા સાથે. આપણા દેશના લોકો જોડે એ બાબત મુકાબલો કરતા જવું.

अ સુધારાની ઈચ્છા, પ્રચ્છદપણું.

ब સ્વાભિમાન, એટલે પોતાનાજ બળવડે વધવાની ઇચ્છા.

क દેશાભિમાન, સાર્વજનિક વૃત્તિ.

ड ઉદ્યોગ, ખંત, સાહસ, સંપ, ને સુધાપણું.

૩. સુધારાને ઉત્તેજન મળે એવા કાયદા તથા ધારા. દાખલા તથા આપણા દેશ સાથે મુકાબલો.

૪. ઉપસંહાર, ને બોધ. ઉંચા સદ્દગુણ વિના કોઈ પ્રજા બળવાન થતી નથી.

૨૯. ઇંગ્રેજી રાજ.

૧. હિંદુસ્તાનમાં ઇંગ્રેજોનું રાજ શી રીતે આવ્યું તેનો બહુજ ટુંકો ઇતિહાસ.

अ ઇસ્ટ ઇંડિયા કંપની વ્યાપારને માટે આવી.

ब રક્ષણને માટે લશ્કર રાખવું પડ્યું અને તેનું બળ જોઇ નબળા થઈ ગએલા કુસંપી રાજાઓ મદદે બોલાવવા લાગ્યા.

क એનો પરિણામ એ થયો કે કેટલેક કાળે (પોતાની નજી ઉપરાંત પણ) ઇંગ્રેજો હિંદુસ્તાનમાં સર્વોપરી થઈ ગયા.

ड પેશવાની હાર અને ઇંગ્રેજોનું ચક્રવર્તિપણું.

इ રાણી સાહેબે ખુદ પોતાના હાથમાં રાજ લીધું તે બાબત.

૨. ઇંગ્રેજી રાજના ફાયદા.

अ સેંકડો વર્ષથી ચાલી આવતી અંધાધુંધી જઈ અજાએબ જેવી શાંતિ થઇ છે, ઇંગ્રેજોનું રાજ થયું તે પહેલાં કેવી મારાગારી હિંદુસ્તાનમાં મચી રહી હતી તેનું કાંઇક વર્ણન.

ब મુલકનો બંદોબસ્ત, લુટ, ચોરી, વગેરે ગુનાઓ કેટલા બધા ઓછા થઈ ગયા છે ?

क અદલ ઈનસાફ, દાખલા, ને પાછલા વખતના ઈનસાફની સાથે મુકાબલો.

ड શાંતિ, બંદોબસ્ત, અને અદલ ઈનસાફના કારણથી વેપાર રોજગારનો વધારો. પરદેશ ખાતે કેટલો માલ ચડેછે, કેટલો આવે છે; તેમજ દેશમાં એક ઠેકાણેથી બીજે ઠેકાણે કેટલો માલ જા આવ કરેછે તેનું વર્ણન દાખલા સાથે.

इ સડકો, આગગાડી, તાર, વગેરે વેપારને વધારનારાં સા-

ધનો તર્ફ એ સરકાર ખાસ ધ્યાન આપેછે. એથો વેપાર કેટલો વધ્યો છે તે પણ દાખલા સાથે બતાવવું.

ફ કોઈ પણ પાછલા રાજાએ વિદ્યાદાન આપવા હાલના જેવું કેળવણી ખાતુ કાઢ્યું નહોતું.

ગ હાલ એ રાજને યોગે આપણને દુનિયામાં સૌથી સુધરેલી એક પ્રજાનો સમાગમ થયોછે, અને તે વડે વિદ્યાકળા, રીતભાતમાં સુધારો થઈ આપણા દેશનો જિર્ણોદ્ધાર થવાની આશા બંધાવા લાગી છે.

૩. પૂર્વપક્ષ અને તેનું સમાધાન

અ કારીગરોની સ્થિતિ દયામણી થઈ ગઈ છે ખરી, પણ તેનું કારણ કાંઈ ઇંગ્રેજી રાજ નથી, એતો યુરોપની સુધરેલી હુનરકળાનું પરિણામ છે, અને એનો ઉપાય એજ છે કે આપણે આપણી હુનરકળાઓ સુધારવી જોઇએ. ઈરાન, ચીન, વગેરે દેશોમાં ઇંગ્રેજી રાજ નથી તોપણ ત્યાં વિલાયતી માલ ધમધોકારે ખપેછે, અને દેશી કારીગરીઓ તુટી પડવા આવી છે,

બ પૈસો વિલાત ખેંચાઈ જાયછે એ બોલવું ખરૂં નથી હિંદુસ્તાનમાં વિલાયતના વેપારથી નાણું જાયછે તે કરતાં વધારે આવેછે. નોકરી બદલ ઇંગ્રેજો જે પૈસા વિલાત લઈ જાય તે જવા ખાતે ખરા, પણ તેઓ દેશના સંરક્ષણને માટે જે અમૂલ્ય સેવા બજાવેછે તે તર્ફ જોતાં તે કાંઈ નથી.

ક દેશીઓને ઉંચા દરજ્જાની નોકરીઓ હાલ છૂટથી મળતી નથી એ વાત ખરી, પણ દેશીઓ તે કામને માટે જેમ જેમ લાયક થતા જશે અને પોતાના હક કાયદાની રીતે ખંતથી માગતાં શીખશે તેમ તેમ તે વધારે મળતી જશે એમ આશા રાખી શકાય છે.

ड देशाभिमान परदेशी राजथी दुखाय, पण तेणे समजनी हदमां रहेवुं घटेछे. हाल देशीओ पोतानी मेळे राज करवाने शक्तिमान नथीज. ईश्वर न करे पण कदापि इंग्रेजी राज हाल जतुं रहे, तो हिंदुस्तानमां ठेकाणे ठेकाणे वढावढी, मारामारी, ने लूटफाटज चाले, अने हाल जे सुधारानो कांईक उदय थवा आव्योछे ते पाछो एकदम लय थई जाय. आगगाडी, तार, नौका, लश्करी कवायत, मोटी मोटी विद्याशाळाओ, बंदोबस्त, ईनसाफ, तथा परदेशीओना हुमलाथी देशनुं रक्षण थायछे तेमांनुं ते वेळा कांई पण जोवामां न आवे, अने इंग्रेजो आव्या ते वेळा आ देशनी जेवी खराब अवस्था हती तेथी पण वधारे खराबीमां आपणे आवी पडीए.

४. उपसंहार तथा बोध.

अ इंग्रेजी राजना कांईक गेरफायदा हशे पण फायदाना मुकाबलामां ते कांईज नथी.

ब सारूं देशी राज थवुं अशक्य छे.

क ए राज केवी रीते थयुं ते जोतांज एमां ईश्वरी खेल खुल्लो मालूम पडेछे. थोडी अवघडोने माटे भारे सुखनी अवगणना करवी एना जेवी बीजी कांई मूर्खाई नथी. माटे आपणने हाल जे परमेश्वरे सारूं राज आप्युंछे तेने माटे तेनो उपकार मानवो, अने शुद्ध अंतःकरणथी राजभक्ति राखवी. सद्गुणी माणसो कदी पण राजभक्तिनो त्याग करता नथी.

---

२७. राजभक्ति.

१. ईश्वरे जे राज आप्युं होय तेने ताबे रही सदा ते उपर ममता राखवी तेने राजभक्ति कहेछे.

२. गमे एवुं राज होय, तोपण जो तेथी देशनी स्वस्थता

જળવાતી હોય, તો તેના ગેરફાયદા કરતાં ફાયદા ઘણા છે એમ જાણવું.

अ જ્યારે દેશમાં લડાઈ ચાલે, ત્યારે હજારો માણસ કામ ધંધો મૂકી લડવામાં રોકાય, વેપાર રોજગાર બંધ પડે, અને વેપારથી ભેળી કરેલી દોલત થોડા વખતમાં લડાઈના વિનાશકારી કામમાં વપરાઈ જાય. દાખલા અથવા વર્ણન.

ब અવ્યવસ્થાને લીધે ચોર, લૂટારા, ને ચંડાળ લોકોનું ચડીવાગે, અને તેઓ દેશમાં બધાને ત્રાહે ત્રાહે પોકરાવે, દાખલા અથવા વર્ણન.

क માટે શાણા, સુખી, ને ભલા લોકો હમેશાં બંડ ફિસાદની વાતથી દૂર રહે છે, અને તેને ધિક્કારે છે. લુચ્ચા ને હરામખોર લોકોનેજ ફિતુરો ગમે, કેમકે તેમાં તેમનો લાભ રહેલો છે.

૩. રાજવ્યવસ્થામાં કાંઈ ખામી હોયછે, તો તે દૂર કરાવવા કાયદાને રસ્તે બહુ મથેછે. એ બાબત ઇંગ્લાંડ વગેરે યૂરોપના દેશોના ઇતિહાસમાંથી દાખલા આપવા. પ્રકૃતિક્ષોભ એ અપવાદ છે—આખરનો ઉપાય છે.—અને તે સમજુ પ્રજા સેંકડો વર્ષે એકાદવારજ વાપરેછે.

૪. આપણે તો પરમેશ્વરે જે રાજ આપ્યું છે તેમાં ભાત ભાતનાં સુખ મળેછે, અને તેનો સોમો હિસ્સો પણ હાલ કોઈ દેશીરાજથી મળે એમ નથી. માટે એ રાજ પરદેશીછે તે છતાં ઉમળકાથી ચાહાવું અને તેનું ભલું થાય એમ અંતઃકરણથી હરઘડી ઇચ્છવું, એમાંજ રાજભક્તિ કે ખરી દેશભક્તિ રહેલી છે.

---

૩૦. સ્વદેશમમતા.

૧. પોતાના દેશને ઉમળકાથી ચાહાવો, અને તેના લાભને

અર્થે તન મન ને ધનથી અહોનિશ કાળજી રાખવી એને દેશભક્તિ કહે છે. એનેજ કેટલાક લોક દેશાભિમાન કહેછે, પણ અભિમાન શબ્દથી ઘણા એ બાબત ખોટા વિચાર બાંધેછે. દેશભક્તિમાં અભિમાનનો કાંઇક અંશ રહેલોછે પણ તેમાં પ્રીતિનો ભાગ બહુ વધારે હોયછે. દેશની ખોટી બડાઇ કરવી, તેની ખામીઓને પણ વખાણવી, અને પરદેશી તથા તેમની રીતભાતોને વિનાકારણજ ભાંડવી એ ખરી સ્વદેશમમતા નથી, પણ ઉછાંછળી જુવાનીનું માત્ર પતરાજી ભર્યું મદોન્મત્તપણું છે.

૨. સ્વદેશમમતા એ સ્વભાવિક, લાભકારક, ને મોટો સદ્દગુણછે.

અ બધા માણસને પોતાનો દેશ વહાલો લાગેછે. તેના દાખલા. પંડથી કુટુંબ, કુટુંબથી નાતજાત, પછી ગામ, ગામ પછી પ્રાંત, ને પ્રાંત પછી આખા દેશ ઉપર પ્રીતિ થાય છે. એ વેળા તે માત્ર સ્વાર્થ કે અભિમાન ટળીને મોટા સદ્દગુણ થઇ રહેછે. માટે નાતજાત કે ગામની હદમાંજ એ મમતાને રોકી રાખવી નહિ.

બ એમાંજ પોતાનો, પોતાના વંશજોનો, અને બધા દેશીભાઇઓનો સ્વાર્થ રહેલોછે. દેશનું ભૂડું કરી પોતાનું ભલું તાકવું એ બહુ ટુંકી નજર ને નીચપણાનું કામછે. એ ગુણવડેજ દેશની ઉન્નતિ થાયછે. યૂરોપિયનોમાં એ ગુણ આપણા કરતાં બહુ વધારેછે. તેના દાખલા. મહાપાપીષ્ટે પણ દેશદ્રોહ કર્યો જણાયો નથી. એજ કારણથી તેઓ આટલા બળવાન થયાછે.

ક એ સદ્દગુણનું મહત્વ તથા પ્રશંસા. જ્યારે એ સંપૂર્ણ રીતે પ્રફુલ્લિત થાયછે ત્યારે તે દેશભક્તિ કહેવાય છે. દાખલા. એવા પુરૂષોનાં નામ દરેક દેશમાં ઉમળકાની સાથે હમેશાં પૂજાયછે.

૩. એ સદ્‌ગુણ આપણા લોકમાં હાલ બહુજ થોડો-નહિ જેવો છે. તેનાં કારણો.

अ જૂદી જૂદી નાતો ને પંથને લીધે આખા દેશનો વિચારજ જતો રહ્યોછે, અને માંહો માંહે અદેખાઈ તથા વેર વધ્યુંછે. એની કાંઈ વિગતવાર સમજુતી.

ब પડતીના વખતમાં ટુંકી બુદ્ધિનો સ્વાર્થ બહુ વધી પડેછે તેમ આપણને થયુંછે. સૌ પોત પોતાનો અને તે પણ તાત્કાલિક સ્વાર્થનોજ વિચાર કરેછે, પણ છેવટે એમ કરવાથી દેશની અને તે ભેળી નિશ્ચય આપણી ને આપણાં છોકરાંઓની કેટલી ખરાબી થાયછે તે તેઓની ટુંકી નજરથી કાંઈ પણ દેખાતું નથી.

क હિંદુસ્તાનનો ઇતિહાસ પાછલો બધો તપાસતાં માલમ પડશે કે આપણા દેશની રાજકિય વગેરે સઘળી પડતીનું કારણ એજછે કે લોકોમાં દેશભક્તિ રહી નહોતી.

૪. ઉપસંહાર તથા બોધ.

---

૩૧. વર્ત્તમાનપત્રો.

૧. અર્થ (વ્યુત્પતિ સાથે). ચોપડી, ચોપાનીયાં, અને વર્ત્તમાન પત્રોના વિષયો તથા લખાણમાં કેવો ભેદ છે તે સમજાવવું.

૨. વર્ત્તમાનપત્રો વાંચવાના ફાયદા.

अ રોજ બનતી નવી ખબરો જાણવાનું મન સઘળાને થાયછે. ગામના ચોરા તથા ચૌટાં. એ જીજ્ઞાસા પૂરી પાડવાનો ટુંકો ને સુધરેલો રસ્તો વર્ત્તમાનપત્રો વાંચવાં એજ છે. ઇંગ્રેજ લોકોમાં એવી વાતની જેને ખબર નહોય તે હલકો ગણાયછે. તેથી કુલવાન પુરૂષોને પોતાની મોટાઈ જાળવવાને સારૂ પણ કેટલોક વિદ્યાભ્યાસ કરવો તથા વર્ત્તમાનપત્રો વાંચવાં પડેછે. એ લોક વાતચિત્તમાં વર્ત્તમાનની વાતોજ ઘણું કરીને કરેછે.

૩. વર્ત્તમાનપત્રો ખબરની સાથે તે ઉપર ટીકા ને સારા સારા વિચાર પણ આપેછે. વિદ્વત્તા, સમજ, સ્વતંત્રતા ને નિષ્પક્ષપાતપણું એ ચાર ગુણોની ઉપર વર્ત્તમાનપત્રોનું બળ આધાર રાખેછે.

૪. વર્ત્તમાનપત્રોની હાલ યૂરોપમાં સ્થિતિ.

કેટલાંને કેવાં કેવાં નીકળેછે તેનું કાંઇક વર્ણન. તેનો ખર્ચ

વ વર્ત્તમાનપત્રોની સત્તા. હાલ ઈંગ્લાંડમાં એને ચોથું રાજઅંગ કહેછે. મોટા મોટા રાજાઓ અને કારભારીઓ વર્ત્તમાનપત્રવાળા શો વિચાર આપેછે તે ધ્યાનથી જુએ છે, અને ઘણું કરીને તે પ્રમાણેજ વર્ત્તેછે. લંડનના ટાઇમ્સનું "ગર્જના કરનાર" એવું નામ પડયુંછે, અને એમાં જો કોઇ કામની વિરૂદ્ધ વિચાર દર્શાવેલા હોયછે તો તે કામ કરવાને પ્રધાનની હિંમત ચાલતી નથી. પરદેશના રાજાઓ પણ એની કલમથી બીહેછે.

ક યૂરોપમાં હાલ સાધારણ રીતેજ એમ કહેવાય છે કે વર્ત્તમાનપત્રના જેવો બીજો કોઈ ગુરૂ નથી. એ વડે બધા લોક કેવી રીતે કેળવણી પામેછે તે સમજાવવું. એથી પ્રજામત બંધાયછે, કેળવાયછે, અને બળવાન થાય છે. જે દેશમાં પ્રજામત બળવાન હોય છે ત્યાં વર્ત્તમાનપત્ર ઘણી સત્તા ભોગવેછે.

૫. ગૂજરાતી વર્ત્તમાનપત્રોની સ્થિતિ. કયા કયા વર્ત્તમાનપત્રો છે ને કેવી રીતે લખાયછે, અને તેનું દેશમાં કેટલું વજન છે તે ટુંકામાં લખવું.

૬. વર્ત્તમાનપત્રો વાંચતાં કેટલીક સાવચેતી રાખવાની જરૂર.

અ યાદ રાખવું કે પુસ્તકો જેટલું પુખ્તપણું ચોપાંનીયામાં, ને ચોપાનીયા જેટલું વર્ત્તમાનપત્રોમાં ઘણું કરીને હોયજ નહિ. એમાં જે વિચારો આપવામાં આવેછે તે તાત્કા-

त्कालिक लोकोनी रूखने अनुसरतां, अने वखते एक तर्फीज. होयछे, माटे ए विचारो उपर पुस्तकोना जेट- लो आधार राखवो नहि. बंने पक्षना वर्त्तमानपत्रो वांचवा, अने जे वांचवुं ते उपर पोते पण विचार करवो.

ब एमां पोतानो घणोज वखत काढवो नहि. आ नियम विद्यार्थीने विशेषे करीने लागु पडे छे, तोपण बधाने ए ध्यानमां राखवाजोग तो छेज. वर्त्तमानपत्रोथी पु- स्तको वांचवानी गरज सरती नथी. एथी परचुरण ज्ञान मळेछे, पण एके बाबतनुं परिपक्वपणुं आवतुं नथी. वर्त्तमानपत्रो तो भण्या ने गण्या करवा माटेछे.

१७. उपसंहार तथा बोध. दररोज वर्त्तमानपत्रो कांई तो वांचवाज. आखुं वर्त्तमान पत्रज वांचवानी कांइ जरूर नथी. पोताने रूचता तथा उपयोगी पडे एवा विषयो संपूर्ण वांचवा, अने बीजो भाग उपर उपरथी जोइ जवो. नवा समाचार तो खसूस वांचवाज. वांचीने विचार करवो. वर्त्तमानपत्रो तथा चोपानीयां नवांचनार माणस गमे तेवो होशियार हशे, तो पण थोडा वखतमां पोताना जमानाथी पाछळ पडी गया विना रहेशेनहि.

---

३२. संस्कृत भाषा.

१. संस्कृत ए आर्य वर्गनी जूनामां जूनी भाषा छे.

अ भाषाओना आर्य, अनार्य (तुरानी), अने सेमिटिक एवा त्रण वर्ग छे. ते दरेकनुं कांइक वर्णन.

ब आर्य वर्गनी शाखाओः—हिंदु, इरानी, यावनी, लाटि- नी, टयुटोनिक, वगेरे. तेनुं कांइक वर्णन.

क ए मूळ आर्यभाषा संस्कृत जेवीज नहि, तो एने ब- हु मळती तो हशेज.

૨. સંસ્કૃત ભાષાનો ઇતિહાસ.
अ હિંદુસ્તાનમાં પ્રથમ શી રીતે આવી અને તેનું સંસ્કૃત એ નામ પાડવાનું કારણ.
ब વેદ, સુત્ર, ઇતિહાસ, ને કાવ્ય એ ચાર કાળની સંસ્કૃત ભાષામાં ફેરછે. એ પ્રત્યેક કાળમાં રચાએલા પુસ્તકોનાં નામ, વગેરે.
क સંસ્કૃત ભાષા બોલાતી ક્યારે બંધ પડી, રાજ વ્યવહારમાં ક્યાં સુધી રહી, હાલ કેવા ઉપયોગમાં આવેછે, વગેરે.
૩. એ ભાષાનું બળ તથા ખેડાણ.
अ શબ્દનો ભંડાર એમાં અપારછે. વિદ્યા, કળા, વ્યવહાર, રસ, વગેરે હરેક જાતનો વિચાર એ ભાષામા સંપૂર્ણ રીતે બતાવી શકાયછે.
ब શબ્દના રૂપાખ્યાન કરવાનો વિસ્તાર એ ભાષામાંછે. તેવો કોઈ ભાષામાં નથી: અને તેથી નવા શબ્દ પણ જોઇએ તેટલા ઘડી શકાયછે.
क એ ભાષા બહુજ ખેડાએલી છે. જે વિષયના ગ્રંથો જોઇએ, તે સંસ્કૃતમાં જોઈએ તેટલાછે; અને વળી તે ઉત્તમ રીતે લખાએલાછે.
૪. એ ભાષા ભણવાના ફાયદા.
अ ભાષાશાસ્ત્ર ભણનારને એની આવશ્યકતા.
ब હિંદુઓનાં ધર્મપુસ્તક તથા શાસ્ત્ર એ ભાષામાંછે.
૫. ઉપસંહાર તથા એ ભાષા ભણવાનો બોધ.

---

૩૩. ઇંગ્રેજી ભાષા.

૧. એ આર્ય વર્ગની ટ્યુટાનિક શાખાની ભાષાછે.
अ આંગ્લો સાકસન, નાર્મન, કેલ્ટિક, લાટિન, ગ્રીક વગેરે અનેક ભાષાઓ મળીને એ થએલીછે. એમ શી રીતે થયું તે ઇગ્લાંડનો ઇતિહાસ લઇને સમજાવવું.

ब પરંતુ ભાષાનું બંધારણ બહુધા આંગ્લોસાકસનને આધારેજ રચાએલુંછે. શબ્દ પણ એમાંનાજ હજી ઘણા છે. સંસાર વ્યવહારી આંગ્લો સાકસન, રાજદરબારી નાર્મન, અને વિદ્યાના ગ્રીક કે લાટિન શબ્દોછે.

૨. ઇંગ્રેજી ભાષાનો ઇતિહાસ.

૧ આદ્ય કવિ ચાસર—જૂનું ઇંગ્રેજી.

૨ શેકસપિયર ને બેકનના વખતથી નવા ઇંગ્રેજીની શરૂઆત.

૩ બીજા ચાર્લસના વખતથી ઇંગ્રેજીએ હાલનું રૂપ પકડ્યું.

૩. એ ભાષાનું બળ તથા વિસ્તાર.

अ એમાં જે વિષય લખવો હોય તે સારી રીતે લખી શકાય.

ब એમાં ગ્રંથો કેટલાછે તેનો તો ગણતાં પણ પાર આવે એમ નથી. વિદ્યાકળાનાં હજારો પુસ્તકછે. એ હાલના જમાનાની ઘણામાં ઘણી ખેડાએલી એક ભાષાછે.

क એ ભાષા બોલનાર દુનિયામાં જ્યાં જોઇએ, ત્યાં મળી આવેછે. વેપારથી એનો ઘણો ફેલાવો થાયછે. કોઇ ધારેછે કે આગળ જતાં એ દુનિયાની ભાષા થઈ જશે.

૪. ઉપસંહાર તથા એ ભણવાનો બોધ.

૩૪. કવિતા એટલે શું.

૧. એ બાબત લોકોમાં ચાલતી મોટી ભુલ.

अ પદ્ય એ કવિતા નથી. સંસ્કૃતમાં તો વૈદક કે વ્યાકરણ કોના ગ્રંથો પણ શ્લોકબદ્ધ હોયછે. આંક ભણવામાં પણ રાગડો કાઢેછે માટે શું તે કવિતા કહેવાય?

૨. કવિતાનું લક્ષણ રસછે.

अ માણસનું હૈયુ ઉશ્કેરાઈ તેને જે આનંદ થાય તેનું નામ રસ. રસનેજ સંસ્કૃત તથા ઇંગ્રેજી પંડિતોએ કવિતાનું લક્ષણ માન્યુંછે.

ब હસવું આવે તેનેજ કવિતા કહેવી એમ નથી, રસ નવ

પ્રકારના છેઃ—શૃંગાર, હાસ્ય, કરૂણા, વીર, રૌદ્ર, અદ્ભુત, ભયાનક, બિભત્સ, ને શાંત. ઉત્તમ પ્રકારની કવિતાતો કરૂણા કે વીરરસવાળીજ ગણાયછે.

૩. ગદ્યપદ્યનો ભેદ.

अ માપવાળુ જે લખાણ તેને પદ્ય કહેછે. અને બીજાું તે ગદ્ય.

ब પદ્ય એ કવિતાનું અંગ છે—આત્મા નથી. આત્મા તો રસજ છે. રસ હોય તો ગદ્યમાં પણ કવિતા છે એમ બોલી શકાય, અને રસ નહિ હોય તો પદ્ય કહેવાય, પણ કવિતા કહી શકાય નહિ. અંગ જેમ સુંદર હોય તેમ વધારે સારૂં, પણ જો જિવ ન હોય તો તે મડદુંજ કહેવાય.

૪. કવિતાનો અખંડ ઉદ્દેશ, રસ—આનંદ—આપવો એજ છે.

अ કવિતાથી જ્ઞાન ને બોધ મળે ખરાં, પણ તે એનો ઉદ્દેશ નથી. "જાનેવારી જાણજો, ફેબ્રુઆરી ફરી હોય" એ કવિતા કદી કહેવાયજ નહિ—અગર જો એથી મહીનાનાં નામનું જ્ઞાન મળેછે. શીખામણ બહુ હોય, પણ જો કાંઈ રસ હોય નહિ, તો તે કવિતા નજ કહેવાય. તેમજ શીખામણ કે જ્ઞાન કાંઈ મળતું ન હોય પણ જો રસ સારો હોય તો તે કવિતા કહેવાય. ગૂજરાતી, ઇંગ્રેજી, સંસ્કૃત કવિઓના દાખલા.

ब જેમ રસ વધારે બળવાન, નિર્મળ, ને ઊંચો તે પ્રમાણે તે કવિતા વધારે સારી કહેવાયછે. એ કારણથી અનીતિની કે બિભત્સ કવિતા સારી લાગતી નથી, કેમકે તેમાં મલિનપણું રહેલું છે. ધર્મ, નીતિ, ને જ્ઞાનની લાવણીઓને કંટાળો લાગવાથી એવી કવિતાનો રસ ખંડિત થાયછે, અને તેથી તે સંપૂર્ણ કવિતા થઈ શકતી નથી. માટે, ઉત્તમ કવિતાથી રસ, ધર્મ, ને જ્ઞાન એ ત્રણેની વ્યવહારમાં પ્રાપ્તિ થાય છે ખરી, તોપણ પ્રાધાન્યતો રસનુંજ રહેલુંછે.

૫. કવિત્વ શક્તિ ઈશ્વરદત્ત છે.

૪ "કવિ થતો નથી, પણ જન્મેછે" એ ઇંગ્રેજી કહેવતનો ભાવાર્થ.

૨. સંસ્કૃતમાંતો કવિતા શક્તિને પ્રસાદજ માનેલો છે.

૩. કવિઓનો ઇતિહાસ જોતાં પણ માલમ પડશે કે અભ્યાસથી કવિ થવાતું નથી. અસાધારણ તર્કશક્તિ, ને રસિકતા હોય, તોજ કવિ થવાય. અભ્યાસ ને મહેનતથી હરકોઈ માણસ પિંગળબંધ બાંધી શકે, ને ઝડઝમકોના ઢગલા વાળે, પણ એવા બાળખેલથી રસિક લોક રીઝતા નથી. સાંભળનારનું હૈયું ભેદે, ચાહેતો હસાવે, ચાહેતો રડાવે, ચાહેતો હથીઆર પકડાવે, ચાહેતો ભગાડે, અને ચાહેતો શાંત કરી મૂકે, તેજ કવિ. એવા બુદ્ધિશાળીઓ પરમેશ્વર થોડાજ પેદા કરેછે, અને તેથીજ કવિઓનું દુનિયામાં સઘળે ઠેકાણે આટલું બધું માન છે. અભ્યાસથી પંડિત થવાય. પણ કવિ થવાય નહિ તે છતાં કવિને અભ્યાસની જરૂરજ નથી એમ ન સમજવું. ભાષા જ્ઞાન તથા પાછળા કવિઓનું સ્વાભાવિક વિવેચન યુક્ત વાંચન તો જોઇએજ. પણ માત્ર અભ્યાસથી કવિ થવાય નહિ તે તો જોડકણાં જોડનારજ કહેવાય.

૬. ઉપસંહાર તથા બોધ. સ્વાભાવિક શક્તિ વિના કવિતા કરવી એ મિથ્યાછે. એ વસ્તુ કેવી મોટી ને ઘણાને અસાધ્ય છે તે કવિતાના કોડીલાઓએ સમજવું જોઇએ.

પૂર્વણી.

વિરામચિહ્ન મૂકવાના વ્યવહારી નિયમો.

૧. વાક્યને છેડે—પણ જો તે બીજા સાથે મળીને ઉપવાક્ય થઈ ગયું હોય, તો તે સામટા વાક્યને છેડેજ—પૂર્ણવિરામ (.) મૂકવામાં આવે.

૨. ઉપવાક્યની પછીતો ઘણું કરીને અલ્પવિરામ (,) મૂકાય; અને તે બહુ નાનું હોય, તો કાંઈ પણ ચિહ્ન નહિ.

જેમકે, હું આવ્યો. જ્યારે હું કાલે તમારે ત્યાં આવ્યો, ત્યારે તમે ઘરમાં નહોતા. હું આવ્યો ત્યારે તમે ઘરમાં નહોતા.

૩. ઉપવાક્યની વચમાં અલ્પવિરામ આવ્યો હોય, તો તેને છેડે ઘણું કરીને અર્ધવિરામ (;) મૂકેછે:—જેમકે, જ્યારે હું કાલે તમારે ત્યાં આવ્યો, ત્યારે તમે ઘરમાં નહોતા; અને તે વેળા તમારો દીકરો આંગણામાં રમતો હતો.

૪. "વ્યાકરણસંબંધ કાંઈ ન છતાં અર્થ સંબંધે એક વાક્યના ભેળું બીજું વાક્ય જોડાઈ જાય, ત્યારે તે પહેલા વાક્યને છેડે મહાવિરામ (:) મૂકાય:—જેમકે વિચાર કરવાની ટેવ પાડો: અભ્યાસમાં એજ સર્વોપયોગીછે.

૫. પ્રશ્ન કે મનનો ઉભરો દેખાડનારૂં વાક્ય હોય, તો તેને છેડે પ્રશ્નાર્થ (?) કે ઉદ્‌ગારનું ચિહ્ન (!) મૂકવું:—જેમકે તમે કેટલું વાંચ્યું ? અહો ! પચાસ પાનાં !

૬. વાક્યનું રૂપ પ્રશ્નાર્થક હોય, પણ ભાવ ઉભરો બતાવવાનોજ હોય, તો ત્યાં ઉદ્‌ગારચિહ્નજ વપરાય;—જેમકે, ઈશ્વરની લીલા કેવી અગાધ છે !

૭. કહ્યું, પૂછ્યું, વગેરે શબ્દના પેઠામાં પ્રશ્નાર્થક વાક્ય આવે, તો તેની પછી પૂર્ણવિરામજ મૂકાયછે:—જેમકે, તેણે પૂછ્યું, કે તમે ક્યાં જાઓછો.

૮. કેવળપ્રયોગી અવ્યય અથવા તે અર્થે વપરાએલા કોઈ પણ શબ્દ કે શબ્દાવળીની પછી ઉદ્‌ગારચિહ્ન મૂકાય, અને ઉભરાનો ભાવ નામનોજ હોય, તો અલ્પવિરામ પણ મૂકાય:—

જેમકે અરે ! અફસોસ ! રામરામ! અરે, મારૂં માથું દુખેછે. હે ભગવાન, આ શું થયું !

૯. બે શબ્દ ઉભયાન્વયીથી જોડાએલા હોય, તો તેની વચમાં કાંઈ નહિ; અને ઉભયાન્વયીનો અધ્યાહાર હોય, તો અલ્પવિરામ વિધેય પક્ષમાંતો મૂકવામાં આવેછેજઃ—જેમકે, તે છોકરો ચંચળ ને પ્રમાણિક છે. તે છોકરો ચંચળ, પ્રમાણિક છે. તે આવ્યો ને ગયો.

૧૦. એવા શબ્દો ત્રણ કે વધારે હોય, તો તો છેલ્લા શિવાયના સઘળા શબ્દોની પછી અલ્પવિરામ મૂકવોજ જોઇએઃ—જેમકે, તે છોકરો ડાહ્યો, ઉદ્યોગી, ને પ્રમાણિક છે. તે આવ્યો, બેઠો, અને ચાલ્યો ગયો.

૧૧. એવી શબ્દાવળી તો બેજ હોય, તોપણ તેની વચ્ચે હમેશાંજ અલ્પવિરામઆવેઃ—જેમકે; તે છોકરો ભણવા ગણવામાં ઘણો ચંચળ, અને ચાલચલગતમાં ખરેખરો પ્રમાણિક છે.

૧૨. પૂર્વસ્થાનના શબ્દને ઓળખાવનાર શબ્દાવળીની બંને તર્ફ અલ્પવિરામ મૂકવા જોઇએઃ—જેમકે, લાર્ડલિટન, હિંદુસ્તાનનો ગવર્નરજનરલ, તે વેળા શિમળાની શિતળ ટેકરીપર મઝામાં બેઠો હતો.

૧૩. જે શબ્દો કે શબ્દાવળીની પછી સમાનાર્થે एं, सर्वे, इत्यादि કે એવું કાંઈ બોલવામાં આવે, તો તે પ્રત્યેક શબ્દ કે શબ્દાવળીની પછી અલ્પવિરામ મૂકવામાં આવેઃ—જેમકે, ચોરી, લૂટફાટ, મારામારી, એ રાજ્યની અવ્યવસ્થાનાં લક્ષણોછે. ગમે તે કારણેપણ જૂઠું બોલવું, એ મહા પાપ છે. રાજા કે રૈયત, ગરીબ કે તાલેવર, સ્ત્રી કે પુરૂષ, સર્વેને આટલું તો ભણવાની જરૂરજછે. ઉદ્યોગ, ખંત, સંપ, સાહસ ઇત્યાદિ ગુણોવડે ઇંગ્રેજો આવા બળવાન થયા છે.

૧૪. સંબોધનાર્થક શબ્દ વાક્યને આરંભે આવે, તો તેની પછી; અને વચમાં આવે, તો તેની બંને તર્ફ અલ્પવિરામ મૂકાયછેઃ—જેમકે ભાઈ, એવું કામ કદી તમે કરશો મા. એવું કામ, ભાઈ, તમે કદી કરશો મા.

૧૫. હા, ના, હવે, વળી, બીજું, વિગેરે કેટલાક ક્રિયાવિશેષણ અવ્યયોની પછી અલ્પવિરામ મૂકાયછે.

૧૬. [()] કૌંસ,, (" ") અવતરણ (—) અવચ્છેદરેખા (Dash), (-) સંધાનરેખા (Hyphen), (;) લોપકાચિન્હ (Apostrophy), વિગેરે ગૂજરાતીમાં થોડાંજ વપરાયછે, અને તેનો ઉપયોગ પુસ્તકો વાંચવાથી બરાબર આવડશે.

રાજકોટ ટ્રેનિંગકાલેજમાં લખવાતા નિબંધો.

૧ લા વર્ષની સભામાં વાંચવાના.

अ. આ પુસ્તકને આધારે, તેમાંના પહેલા ૨૧ વિષયો.

ब. સ્વબુદ્ધિને આધારે, વર્ણન પ્રાધાન્ય રૂપે લખવાના. ૧. દીવાળી. ૨. હોળી. ૩. ઉત્તરાયણ. ૪. નવરાત્રિ. ૫. હિંદુની લગ્નક્રિયાઓ. ૬. માણુસોની મરણક્રિયાઓ. ૭. કોઈ દેશી રમત. ૮. મહોરમના તહેવારો.

૧ લા વર્ષના વર્ગમાં લખી લાવવાના.

अ. સ્વબુદ્ધિને આધારે, વર્ણન પ્રાધાન્યરૂપે, સામાન્ય શૈલીમાં ૧. પોતાના ગામનું વર્ણન. ૨. કોઈ બાગનું વર્ણન. ૩. કોઈ બજારનું વર્ણન. ૪. રાજકોટ. ૫. કોઈ નિશાળ.

ब. સોસાઇટીના નિબંધો, નર્મગદ્ય, નર્મકવિતા, સુબોધચિંતામણિ વગેરેને આધારે, વિવેચન પ્રાધાન્યરૂપે, ગંભીર શૈલીમાં ૧. નાતવરા. ૨. અશુભના વરા. ૩. રોવાકૂટવાની રૂઢિ. ૪. બાળકોને ઘરેણાં ઘાલવાની રીત. ૫. જ્યોતિષ્યના વહેમ. ૬. સતી થવાનો ચાલ. ૭. બાળકીહત્યા. ૮. જનાનો. ૯. બે બાઇડીનાં દુઃખ. ૧૦. સ્વયંવર. ૧૧. ગોશિતળા. ૧૨. સભા મળવાના ફાયદા. ૧૩. સ્ત્રીપુરૂષોના ધર્મ. ૧૪. પુસ્તકશાળા. ૧૫. સ્ત્રીઓના હક. ૧૬. ભૂતપ્રેતના વહેમ.

क. શિક્ષા પદ્ધતિ વિગેરેને આધારે, વિવેચનપ્રાધાન્યરૂપે. શાંતશૈલીમાં. ૧. નીતિની કેળવણી. ૨. શરીર કેળવણી. ૩. કેળવણી ને ભણતર. ૪. મહેતાજીના ધર્મ. ૫. મહેતાજીના

કામનું મહત્વ.

ड. સ્વકલ્પનાને આધારે, રસાલંકૃત શૈલીમાં, ગમે તે રૂપે. ૧. શરદપુનેમ. ૨. પ્રભાત. ૩. ચોમાસાની લીલા. ૪. ઇશ્વરમહીમા. ૫. વિદ્યાપ્રશંસા.

---

૨ જા વર્ષની સભામાં વાંચવાના.

अ. આ પુસ્તકને આધારે, પહેલા ૨૧ પછીના બધા.

ब. અનુભવને આધારે, વર્ણન પ્રાધાન્યરૂપે, સામાન્યશૈલીમાં. ૧. ક્રિકેટ. ૨. ફૂટબૉલ. ૩. બંગલો. ૪. છાપવાની કળા.

क. અર્થવિદ્યાદિકને આધારે, વિવેચન પ્રાધાન્યરૂપે, શાંત શૈલીમાં. ૧. નિરંકુશ વ્યાપાર. ૨. મહેનતના વિભાગ. ૩. મીરખ. ૪. વજે તથા વિંધોટી. ૫. પૃથ્વી ગોળછે? ૬. પૃથ્વી ફરેછે તેની સમજુતી. ૭. ભરતીઓટ. ૮. સૂર્યગ્રહણ.

૨ જા વર્ષના વર્ગમાં લખી લાવવાના.

अ. શાળોપયોગી નીતિ ગ્રંથ વગેરેને આધારે, વિવેચન પ્રધાન્યરૂપે, સરલ ગંભીરશૈલીમાં. ૧. ધીરજ તથા સમય સૂચકતા. ૨. લક્ષપૂર્વક અવલોકન. ૩. કનિષ્ટ તથા શ્રેષ્ટ સંબંધી વર્તણુક. ૪. આરોગ્યતાનું સંરક્ષણ. ૫. મિતવ્યયતા. ૬. ક્ષમા. ૭. બીજાના માલવિષે દયાનતદારી. ૮. લાંચ. ૯. સંતોષ. ૧૦. આપબળ. (સ્વસેવા) ૧૧. પરોપકાર. ૧૨. વેળાસર કામ કરવાની રીત. ૧૩. સંપ. ૧૪. સ્વતંત્રતા. ૧૫. "आत्मवत्सर्वभूतेषु" ૧૬. "ભલાઈ એજ મોટી ચતુરાઇછે."

ब. સ્વબુદ્ધિને આધારે, વર્ણન પ્રાધાન્યરૂપે, સાલંકૃતશૈલીમાં. ૧. જંગલ. ૨ નદી. ૩. પર્વત. ૪. સાયંકાળ. ૫. ગ્રીષ્મઋતુ. ૬. ચંદ્ર. ૭. હોડીની મુસાફરી. ૮. દશેરાની સ્વારી.

क. સ્વકલ્પનાને આધારે, વિવેચન પ્રાધાન્યરૂપે, રસભરી શૈલીમાં. ૧. મૃગયા. ૨. તરવું. ૩. ઘોડે બેસવું. ૪. ગાયન. ૫. કવિતાનો અભ્યાસ. ૬. નાટકશાળા. ૭. ઈશ્વરનું અસ્તિત્વ. ૮. ધર્મ જ્ઞાનની જરૂર. ૯. મરણ. ૧૦. આનંદી સ્વભાવ. ૧૧. સત્ય. ૧૨. સાહસ.

निबंध रीति.

(श्री नवलराम लक्ष्मीराम कृत.)

त्रीजि आवृत्ति.

(डिरेक्टर साहेबे मंजुर करेली.)

દર નકલની કિંમત રોકડે **आना छ** તથા ટપાલ ખરચ **आनो अर्धो** દશ નકલની કિંમત તથા ટપાલ ખરચ (ચાર આના) મોકલનારને એક નકલ **कमिशन** દાખલ મળશે.

. ઉધાર કોઈને પણ ચોપડી મોકલવામાં નહિ આવે.

સુરત.
ખપાટિયા ચકલા
૧-૪-૮૯

હરિલાલ વલ્લભરામ
માજી માનેજર (ગૂજરાત શાળાપત્ર)